
# ભાવના ભવનાશીની



-: સંકલન :-

કિશોર મામણિયા
ગોરેગામ, મુંબઇ.

## -: દેવ-સ્તુતિ :-

તુભ્યં નમ: ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમ: ક્ષિતિતલામલભૂષણાાય;
તુભ્યં નમ: ત્રિજગત: પરમેશ્વરાય,
તુભ્યં નમ: જિન! ભવોદધિશોષણાાય.

## -: જિનવાણી-સ્તુતિ :-

ૐકાર બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિન:
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમ:.

## -: ગુરૂ-સ્તુતિ :-

અજ્ઞાનતિમિરાંધાનાં જ્ઞાનાંજનશલાકયા;
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમ:

---

## ★ અહા, હૃદયમાં ભગવાન વસ્યા ★

અહો જિનેન્દ્ર ભગવંતો ! અમને મહાન આનંદ થાય છે કે ભક્તિ દ્વારા આપ અમારા હૃદયમાં બિરાજ્યા છો ને અમારી હૃદય-વીણામાંથી આપની સ્તુતિનું મધુર સંગીત વાગી રહ્યું છે. આપની સ્તુતિના મધુર સંગીતના નાદથી સમ્યકત્વાદિ ગુણો આકર્ષાઈ રહ્યા છે.

અહા, ભગવાન પોતે જે ભક્તના હૃદયમાં વસ્યા તેને હવે ભગવાનના મોક્ષમાર્ગમાં જતાં કોણ અટકાવી શકે? અને તે ભક્ત હવે ભગવાનને છોડીને કોની ભાવના ભાવે!


મોક્ષમાર્ગનો પથિક હું, આવ્યો તુજ દરબાર,
તુજ સમ આતમભાવના, એ જ ભક્તિનો સાર.

---

## -: નમ્ર નિવેદન :-

આ સંકલિત પુસ્તિકામાં જે કંઈ છે તે જ્ઞાનીઓ અને અભ્યાસીઓની દેણ છે. સંકલન કે રજુઆતમાં ક્ષતિ રહી ગઈ હોય કે જિનવાણી વિરૂધ્ધ લખાયું હોય તો તે ભૂલ મારી છે જે બદલ હું ક્ષમાપ્રાર્થી છું.

## અધ્યાત્મભૂમિ સોનગઢ ના સંત



પરમ પૂજ્ય સદ્‌ગુરૂદેવ શ્રી કાનજી સ્વામી

### -: ગુરૂદેવ-સ્તુતિ :-

અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરૂ કહાનનો.

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

ગુરૂ દીવો... ગુરૂ દેવતા... ગુરૂવર ગુણની ખાણ,
કહાનગુરૂ વસ્યા મુજ અંતરમાં, "હું" પામું ભવનો પાર.

---


### -: ઋણ-સ્વીકાર :-

પૂ. ગુરૂદેવ સુધી પહોંચાડનાર આદરણીય તત્ત્વચિંતક
શ્રી. રમણિકભાઈ સાવલાનો હું અત્યંત આભારી છું.

# વિચાર થી... ભાવના તરફ

પૂ. ગુરૂદેવશ્રી કહે છે -

-એક ગામથી બીજે ગામ જવું હોય તો સાથે ભાતું લઈ જાય છે ને! તો પછી બીજા ભવમાં જવા માટે શ્રધ્ધા-જ્ઞાનનું ભાતું લીધું કે નહીં?

-અરેરે! આ ભવ ચાલ્યો જાય છે. અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે. ભાઈ! આયુષ્ય પુરૂં થતાં તારૂં શું થશે? જરા વિચાર તો કર.

-ભુતકાળના ભોગવેલ દુ:ખ ને જીવ ભૂલી ગયો છે અને એટલે જ ભવિષ્યનો વિચાર કરતો નથી કે ભવિષ્યમાં હું કયાં ને કેવી રીતે રહીશ?

પૂ. કૃપાળુદેવ કહે છે-

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારૂં ખરૂં?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરૂં?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા.

..... જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે. અને તે વિચારને વૈરાગ્ય અને ઉપશમ બે મુખ્ય આધાર છે. -એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી, તેવી પરિણતી થવી ઘટે.

## ભાવના

શ્રી રત્નકરંડ શ્રાવકાચારજી ગ્રંથમાં ભાવના અધિકારમાં આ પ્રમાણે વર્ણન છે: સમસ્ત ધર્મનું મૂળ ભાવના છે. ભાવનાથી જ પરિણામોની ઉજ્જવળતા થાય છે. ભાવનાથી જ મિથ્યાદર્શનનો અભાવ થાય છે. ભાવનાથી વ્રતોમાં પરિણામ દ્દઢ થાય છે. ભાવનાથી વીતરાગતાની વૃધ્ધિ થાય છે. ભાવનાથી અશુભ ધ્યાનનો અભાવ થઈ શુભ ધ્યાનની વૃધ્ધિ થાય છે. ભાવનાથી આત્માનો અનુભવ થાય છે. ઇત્યાદિ હજારો ગુણોને ઉપજાવવાવાળી ભાવના જ છે. એવું જાણી ભાવનાને એક ક્ષણ પણ ન છોડો.

એ ગ્રંથમાં વિવિધ ભાવનાઓનું વિસ્તારપૂર્વક વર્ણન છે.

આ પુસ્તિકામાં તો એક પ્રાથમિક ભૂમિકાના મુમુક્ષુ તરીકે અત્યાર સુધી જે કંઈ વાંચ્યું, સાંભળ્યું અને સમજમાં આવ્યું એની તારવણીરૂપ થોડાક મનનીય બિંદુઓ સંકલિત કર્યા છે. આ બિંદુઓ આપણા રોજના/વારંવારના અભ્યાસ ને ભાવના-મય કરવામાં અંશે પણ નિમિત્તભૂત થાય એ જ ભાવના સહ....

● ● ●

## આત્મ ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું; હું નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાનજ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ-સહજાનંદ રૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય (પોતાથી વેદાવાયોગ્ય), ગમ્ય (જણાવાયોગ્ય)- પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય), - એવો ભરિતાવસ્થ (-ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણ સ્વરૂપ) છું; હું રાગદ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઇન્દ્રિયોનો વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા-લાભની તેમ જ દૃષ્ટ-શ્રૂત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય-ઇત્યાદિ સર્વ વિભાવ પરિણામરહિત-શૂન્ય છું. ત્રણે લોકમાં, ત્રણે કાળ શુધ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે-એમ મન-વચન-કાયાથી તથા કૃતકારિત-અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

- તાત્પર્યવૃત્તિ (સમયસાર)

# મુમુક્ષુની ભાવના

અપૂર્વ અવસર એવો શીઘ્ર જ આવશે,
શીઘ્ર જ ચડશું ધર્મ નું પ્રથમ સોપાન જો,
વસ્તુ સ્વરૂપની કરીને સમજણ ખરી,
સ્વ-પરનું કરશું સત્ય શ્રધ્ધાન જો ...અપૂર્વ અવસર... ૧

પાપભાવ સઘળાંય તજી કરી,
કરશું કષાય અતિ ઉપશાંત જો,
ઈચ્છા, અને તૃષ્ણાની કરીને ક્ષીણતા,
હૈયે ધરશું માત્ર મોક્ષ અભિલાષ જો ...અપૂર્વ અવસર... ૨

ભવભ્રમણ નું વરતે અત્યંત ખેદ ને,
પ્રાણીદયા તો વણાય શ્વાસેશ્વાસ જો,
સંયમ, અને નિયમની કરશું વાડ ને,
પાંગરશે અમ હૈયે વૈરાગ્યની વેલ જો ...અપૂર્વ અવસર... ૩

સુદેવ, સુગુરૂ, સુધર્મ ને શરણે રહી,
આજ્ઞા તેહની કરશું શિરોધાર જો,
પાત્રભૂમિનું સિંચન કરવાને વળી,
કરશું સદૈવ આત્મતત્ત્વ વિચાર જો ...અપૂર્વ અવસર... ૪

આ ભવે લક્ષ્ય તો શુદ્ધ સમકિતનું,
નહિં તો સંગ લઈ જાશું અમીટ સંસ્કાર જો,
ઉગ્ર પુરૂષાર્થ ને, શ્રેષ્ઠ નિમિત્ત ના યોગથી,
કરશું મુકિત પંથે નિ:શંક પ્રયાણ જો ...અપૂર્વ અવસર... ૫

# આત્મ ચિંતવન

## ૧) હું આત્મસ્વરૂપ છું (હું દેહ સ્વરૂપ નથી)

નિશ્ચયથી એટલે કે વસ્તુસ્વરૂપથી હું તો અનાદિઅનંત આત્મ સ્વરૂપ જ છું. એક સમયની પર્યાયમાં અપૂર્ણતા હોવાને લીધે અનાદિકાળથી પ્રત્યેક ભવમાં દેહ ધારણ કરવો પડયો છે, એટલે દેહાધ્યાસ થી હું મને દેહસ્વરૂપ માનુ છું. પરંતુ આ દેહ તો જડ છે, અજીવ છે, પુદ્‌ગલ પરમાણુનો પીંડ છે, ધુળ માટી છે અને રસ-રંગ-ગંધ- સ્પર્શ ઈત્યાદિ લક્ષણવાળો છે. જ્યારે હું આત્મા તો ચૈતન્ય છું -જીવદ્રવ્ય છું, અને જ્ઞાન, દર્શન, વિર્ય, સુખ એ મારા ગુણ છે-લક્ષણ છે. આમ લક્ષણભેદ થી જ હું આત્મા આ દેહથી અત્યંત ભિન્ન છું. દેહ સાથે એક ક્ષેત્રે અવગાહન હોવા છતાં હું આ દેહ સાથે કે ભુતકાળમાં કોઈપણ દેહ સાથે ભળ્યો જ નથી, એકમેક થયો નથી, દેહરૂપ થયો જ નથી. વળી આ દેહ ને લોકવ્યવહારમાં જે નામસંજ્ઞા પ્રાપ્ત થઈ છે તે પણ મારૂં સ્વરૂપ નથી. આ દેહ અને નામ તો ક્ષણિક આ ભવ પૂરતાં જ છે. જ્યારે હું તો સળંગપણે અનાદિ-અનંત એક આત્મસ્વરૂપ જ છું.

## ૨) હું જ્ઞાનસ્વરૂપ છું

હું આત્મસ્વરૂપે ચેતનામય છું. એ ચેતના બે પ્રકારે છે. જ્ઞાનચેતના અને દર્શનચેતના. જ્ઞાન એ મારો એક અસાધારણ વિશેષ ગુણ છે. મારું સ્વરૂપ અનંત-ગુણાત્મક છે પણ એ અનંતગુણોની સિધ્ધિ-પ્રસિધ્ધિ-વેદન તો જ્ઞાન ગુણની પર્યાયમાં જ થાય છે. હું જ્ઞાનસ્વરૂપ છું એ નિર્ણય પણ જ્ઞાનની પર્યાયમાં જ થાય છે. વળી જગતની સિધ્ધિ અને પ્રસિધ્ધિ પણ જ્ઞાનની પર્યાયમાં થાય છે. રાગનું હોવાપણું પણ રાગથી જુદા એવા મારા જ્ઞાનસ્વરૂપમાં જણાય છે. રાગ છે તે વિભાવ છે, દુ:ખરૂપ છે. જ્યારે જ્ઞાન છે તે મારો અનાદિઅનંત સ્વભાવ છે અને એ સુખરૂપ છે. જ્ઞાન એ જ મારા અસ્તિત્ત્વની અભિવ્યક્તિ છે. હું જ્ઞાનસ્વરૂપ જ છું. પ્રત્યેક સમયે હું જ્ઞાનમય છું. જ્ઞાનથી છલોછલ ભરેલો છું. હું જ્ઞાન જ છું.

## ૩) હું સુખસ્વરૂપ છું

મારા આત્મસ્વરૂપમાં સુખ નામનો પણ એક ગુણ છે. જેમ હું જ્ઞાનથી

છલોછલ ભરેલો છું તેમ મારું સમગ્ર અસ્તિત્ત્વ સુખથી છલોછલ ભરેલું છે. મારા સ્વરૂપમાં દુ:ખ નામનો કોઈ ગુણ છે જ નહિં અને બીજો કોઈ ગુણ એવો નથી જે દુ:ખ નો ઉત્પાદ કરે. મારા સુખસ્વરૂપ ને ભૂલી જઈને મારી વર્તમાન અવસ્થામાં હું દુ:ખી છું એવી વિપરીત માન્યતારૂપ ઉપાધી મેં જ ઉભી કરી છે. ખરેખર હું ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છું. મારા સુખનું કારણ કોઈ પરદ્રવ્ય કે પરલક્ષીભાવ નથી. મારા જ્ઞાનાનંદ સ્વભાવ પર દૃષ્ટિ કરતાં જ પર્યાયમાં જ્ઞાન અને આનંદ પ્રગટશે. મારા અતિન્દ્રિય જ્ઞાનની પર્યાયમાં અતિન્દ્રિય સુખના વેદનરૂપ સ્વાનુભૂતિ થશે જ. સ્વભાવથી તો હું સુખમય જ છું. હું પોતે જ સુખ શાંતિ સ્વરૂપ જ છું – સમાધિમય છું.

**૪) હું પરિપૂર્ણ છું.**

હું સ્વયંમાં પરિપૂર્ણ છું. મારું અસ્તિત્ત્વ અને મારી પ્રત્યેક સમયે બદલાતી અવસ્થાઓ – એ બધું જ મારા સ્વરૂપમાં વિદ્યમાન ગુણ અને શકિતઓ ને કારણે – સ્વયમેવ, સહજ, સ્વાભાવિકપણે વર્તી રહ્યા છે. પરદ્રવ્યો અને પરભાવો એમાં અંકિચિત્કર (અકાર્યકારી) છે. વર્તમાન અવસ્થામાં ભલે અધૂરાશ હો તો હો પણ સ્વભાવથી હું કોઈ વાતે અધૂરો નથી. અનંતગુણ અને શકિતઓનો ધારક મારો સ્વભાવ અનાદિઅનંત એકરૂપ છે. એવા સ્વભાવમાંથી કંઈ બહાર ગયું નથી, બહાર જઈ શકે એમ જ નથી અને બહારનું કંઈ પણ સ્વભાવમાં પ્રવેશ્યું નથી. આવી જ અગુરૂલઘુત્વ નામની શકિત મારામાં સદા વિદ્યમાન છે, જે મારા સ્વભાવને અકબંધ રાખે છે. હું પામર નથી જ. હું તો પરિપૂર્ણ પ્રભુ છું. અને એવી પૂર્ણતા ને લક્ષ્યે જ મેં પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ આદર્યો છે.

**૫) પરદ્રવ્ય નો મારામાં પ્રવેશ નથી.**

છ દ્રવ્યમય આ લોકમાં હું એક જીવદ્રવ્ય બાકી બધા જ દ્રવ્યોથી અત્યંત ભિન્ન છું. મારૂં સ્વરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયાત્મક છે. તેવી જ રીતે અનંત જીવો, અનંતાનંત પુદ્ગલ પરમાણુઓ અને બાકી ચાર દ્રવ્યો પણ દ્રવ્ય–ગુણ–પર્યાયાત્મક છે. આ દ્રવ્ય–ગુણ–પર્યાય એ જ પ્રત્યેક દ્રવ્યની સીમા છે–મર્યાદા છે. પ્રત્યેક દ્રવ્ય સ્વરૂપનિષ્ઠ છે અને પોતાના જ નિયત પ્રદેશમાં રહે

છે. કોઈ પણ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડીને અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકે નહિ. આવી જ અલંઘ્ય અને અભેદ્ય વસ્તુ-વ્યવસ્થા છે. માટે કોઈ પણ પર-દ્રવ્યનો મારામાં એટલે કે મારા આત્મસ્વરૂપમાં પ્રવેશ જ નથી.

**૬) રાગનો સ્વભાવમાં પ્રવેશ નથી.**

મારા આત્મસ્વરૂપમાં ચારિત્ર નામનો વીતરાગ ગુણ છે. એ ગુણનું સ્વાભાવિક કાર્ય તો વીતરાગ ભાવે પરિણમવું છે. પરંતુ વર્તમાન અધૂરી દશામાં રાગરૂપે પરિણમન થઈ રહ્યું છે. આ શુભ -અશુભ રાગ એ મલિનતા છે, દોષ છે, ઉત્પાદ વ્યયરૂપ છે, અચેતન છે, જ્યારે હું તો સ્વભાવથી નિર્મળ-નિર્દોષ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય છું. અને વિતરાગ સ્વરૂપ જ છું. કોઈ પણ પ્રકારનો ભેદ, ભંગ, વ્યવહાર કે વિકલ્પ રૂપી રાગ મારા સ્વભાવમાં છે જ નહિ. રાગનો ઉત્પાદ કરે એવો કોઈ ગુણ સ્વભાવમાં નથી. રાગ એ તો પર્યાયગત યોગ્યતા છે. જો રાગ તન્મયપણે સ્વભાવમાં પ્રવેશે તો વીતરાગતા સંભવે નહિ. રાગ તો પાણીના દળ પર તરતા તેલના બિંદુની જેમ સદાય મારા જ્ઞાન સ્વભાવથી ભિન્ન છે. વીતરાગ પ્રભુએ રાગને જુદો જોયો છે, જાણ્યો છે અને કહ્યો છે. વીતરાગી શાસ્ત્રો અને વીતરાગી ગુરૂ પણ વીતરાગતા ના જ પ્રેરક અને પોષક છે. માટે રાગનો મારા વીતરાગ સ્વભાવમાં ક્યારે પણ પ્રવેશ જ નથી.

**૭) દુ:ખનો સ્વભાવમાં પ્રવેશ નથી.**

હું આત્મસ્વરૂપે અનંતગુણોનો એકરૂપ પિંડ છું તેમાં સુખ નામનો પણ ગુણ છે. મારા આવા સુખ સ્વભાવને ભુલી ને હું દુ:ખી છું એવી કલ્પના-વિપરીત માન્યતારૂપ ઉપાધી - મેં જાતે જ ઉભી કરી છે. પરદ્રવ્યો અને પરલક્ષી ભાવોમાં અજ્ઞાનવશ મેં સુખબુધ્ધિ કરી છે. પણ ત્યાં ખરેખર મારૂં સુખ છે જ નહિં. એટલે પર્યાયગત્ યોગ્યતાથી કાલ્પનિક દુ:ખનો અનુભવ કરી રહ્યો છું. સ્વભાવથી તો હું અક્ષય અનંત સુખનો ત્રિકાળ ભંડાર છું. મારા સ્વભાવમાં ક્યારેય દુ:ખ પ્રવેશ્યું જ નથી અને પ્રવેશ પામશે જ નહિ.

## ૮) કર્મનો મારામાં પ્રવેશ નથી.

હું ચેતનસ્વરૂપ છું જ્યારે જ્ઞાનાવરણિય આદિ દ્રવ્યકર્મ તો જડ પુદ્ગલ પરમાણુ છે, અન્ય દ્રવ્ય છે. એકક્ષેત્રે અવગાહન હોવા છતાં દ્રવ્યકર્મ પોતાની સીમામાં-પોતાના સ્વભાવમાં રહે છે. દ્રવ્યકર્મોનો ઉદય નિમિત્ત માત્ર છે. એ મારા પરિણામનો કર્તા નથી. મને વિકાર કરાવી શકે એવી કોઈ શકિત દ્રવ્યકર્મોમાં નથી. વિકાર જે થાય છે તે પણ સ્વતંત્ર, સહજ, ક્રમનિશ્ચિત, પોતાની ઉપાદાનની યોગ્યતાથી થાય છે. તેમાં કર્મો અકિંચિત્કર છે. આમ દ્રવ્યકર્મોનો મારા સ્વરૂપમાં પ્રવેશ નથી.

## ૯) મારૂં અસ્તિત્વ અનાદિ અનંત છે.

સમસ્ત છ દ્રવ્યમય વિશ્વ અનાદિઅનંત છે. પ્રત્યેક દ્રવ્યનું દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપ પણ અનાદિઅનંત છે. કોઈ નવું દ્રવ્ય ઉત્પન્ન થતું નથી કે કોઈ દ્રવ્યનો નાશ થતો નથી. આવી વિશ્વ-સત્તામાં હું એક જીવદ્રવ્ય સ્વરૂપ સત્તાથી (નિજસત્તાથી) અનાદિ અનંત છું. મારી એક સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય હો તો હો, પણ હું દ્રવ્ય તરીકે અનાદિ-અનંત, ગુણ સ્વભાવે અનાદિ અનંત અને પર્યાય-સ્વભાવે પણ અનાદિઅનંત છું. શરીર નો વિયોગ કે નાશ હો તો હો, પણ હું જીવ તો સ્વભાવથી જ અજર, અમર, અવિનાશી છું. મારા સ્વરૂપમાં રહેલ અસ્તિત્વ, જીવત્વ, ચિત્તિ આદિ શકિતઓને કારણે મારો કયારે પણ લોપ થાય એવું વસ્તુસ્વરૂપ જ નથી. હું મારું અનાદિ અનંત અસ્તિત્વ ટકાવીને જ રહેલો છું. આવા અસ્તિત્વનું ગ્રહણ જ સમ્યક્દર્શન છે.

## ૧૦) હું શુધ્ધ સ્વરૂપ જ છું.

હું એક જીવદ્રવ્ય, બાકી સર્વ જીવોથી, સમગ્ર પુદ્ગલ પરમાણુઓથી અને ધર્માદિ દ્રવ્યોથી અત્યંત ભિન્ન છું. અનાદિકાળથી થઈ રહેલા સંસાર પરિભ્રમણમાં અનંત દેહ ધારણ કર્યા અને અનંત પ્રકારના અન્ય સંયોગ પ્રાપ્ત થયા છતાં હું ક્યારે પણ કોઈ પણ શરીર કે સંયોગ સાથે ભળ્યો નથી, એકમેક થયો નથી. તેવી જ રીતે મારી અવસ્થામાં અનંત પ્રકારના ભાવો થયા છતાં સ્વભાવથી હું એ ભાવોથી નિર્લેપ જ રહયો છું.

હું એક સમયની પર્યાયથી, નિમિત્તથી, ગુણ-ગુણીના ભેદ વિગેરેથી પણ સદાય ભિન્ન જ છું. એક બાજુ હું શુધ્ધ આત્મા છું અને બીજી બાજુ દ્રવ્યકર્મ, નોકર્મ, અને ભાવકર્મ રૂપે સંયોગો અને સંયોગીભાવો છે. એ બધા સંયોગો અને સંયોગીભાવો મારે હિસાબે જડનો વિસ્તાર છે, જ્યારે હું પોતે નક્કર ચૈતન્યપિંડ છું. અને સઘળા દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મથી સંપૂર્ણપણે ભિન્ન છું. આમ, સ્વભાવ દ્રષ્ટિથી હું અત્યંત નિર્લેપ, ભિન્ન, શુધ્ધ જ છું. મારી વર્તમાન વર્તતી અવસ્થામાં આવા શુધ્ધ સ્વભાવની સાધના, ઉપાસના કરવાનો પુરુષાર્થ મેં આદર્યો છે. શુધ્ધ સ્વભાવના આશ્રયે વર્તમાન અવસ્થા એક દેશ શુધ્ધ થઈ શુધ્ધ સ્વભાવ સાથે એક સમય માટે અભેદ પરિણમી જશે અને મને મારા શુધ્ધપણાનો શિઘ્ર જ અનુભવ થશે.

**૧૧) હું સ્વરૂપ પ્રત્યક્ષ છું.**

પરની અપેક્ષા રાખ્યા વિના હું (આત્મા) પોતે મારા પોતાના જ્ઞાનમાં પોતાથી જ, સ્પષ્ટ, પ્રત્યક્ષ જણાઉં એવી જ્ઞાન જ્યોતિ હું- પોતે જ છું. હું જાણનારો જાણનારપણે જ રહું છું. જ્ઞેયપણે થતો નથી. હું-આત્મા-એક અનંતગુણાત્મક ત્રિકાળ અભેદ ધ્રુવ વસ્તુ છું. અને મારા આવા ધ્રુવસ્વરૂપને જાણે દેખે એવું ત્રિકાળજ્ઞાન અને ત્રિકાળદર્શન મારા સ્વરૂપમાં જ રહેલા છે. આવા ધ્રુવરૂપ કારણસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવદર્શનમાં મારા સમગ્ર ધ્રુવ સ્વરૂપનું જાણવું-દેખવું નિષ્ક્રિયપણે, નિરંતર અને ધ્રુવ પ્રવાહરૂપે વર્તી જ રહ્યું છે. આવું સ્વરૂપ-પ્રત્યક્ષપણું મારા અતરંગમાં સદાય વર્તી જ રહયું છે.

**૧૨) હું પ્રત્યક્ષ પ્રતિભાસમય છું.**

અંતરંગમાં સ્વભાવવાન અનંતગુણાત્મક શક્તિમાન સંપૂર્ણ ધ્રુવસ્વરૂપનું જે જાણવું-દેખવું ધ્રુવપ્રવાહરૂપે વર્તી રહયું છે, ત્યાંથી જ એ જાણવું દેખવું અંશરૂપે વર્તમાન ક્રિયાશીલ સામાન્ય ઉપયોગમાં આવે છે. અને તે ઉપયોગમાં આબાળ-ગોપાળ સૌને અનુભૂતિ-સ્વરૂપ ભગવાન આત્મા સ્વયં પોતે જ અનુભવમાં એટલે કે જાણવામાં આવી જ રહયો છે. આમ ખરેખર તો પ્રત્યેક સમયે હું મને પોતાને પ્રત્યક્ષ પ્રતિભાસમય જ છુ. જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર, શુધ્ધ

પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મા દ્રવ્ય તે જ હું છું. મારો સ્વજ્ઞાયક મારા સ્વપ્રકાશક જ્ઞાન-સ્વભાવમાં જણાઈ જ રહયો છે. જ્ઞાન જ એને કહેવાય જે જ્ઞાયકને જાણતું પરિણમે. પરંતુ મારા અનાદિ અજ્ઞાનવશ પરને જાણવાના મોહને કારણે જાણનારો જણાઈ રહ્યો હોવા છતાં એમ હું માનતો નથી. બસ, આ મોહનો અભાવ થવાનો પુરુષાર્થ શરૂ થઈ ગયો છે. અને શીઘ્ર જ આ મોહનો નાશ કરી હું સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવને પામીશ.

**૧૩) જગતમાં બધું જ વ્યવસ્થિત છે.**

**વ્યવસ્થિત એટલે-**

૧) વસ્તુની તે તે સમયની જે જે નિશ્ચયે પોતાની, પોતામાં, પોતાથી થયેલી સ્થિતિ/અવસ્થા તે જ તેની વ્યવસ્થા છે.

૨) આ વ્યવસ્થા વસ્તુ સ્વરૂપના સનાતન સિધ્ધાંતો ને આધારે વ્યવસ્થિત છે :-

**૧- દ્રવ્યની સ્વતંત્રતા :-** પ્રત્યેક દ્રવ્ય પોતાનું અનાદિ-અનંત સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને પરિણમી રહ્યું છે. આમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેની સ્વતંત્રતા સમાય છે. એકએક દ્રવ્ય સ્વયંમાં પરિપૂર્ણ અને પરથી નિરપેક્ષ છે.

૨- ક્રમબધ્ધ પર્યાય :- પ્રત્યેક દ્રવ્ય ના પ્રત્યેક ગુણનું પરિણમન સ્વતંત્ર ક્રમનિશ્ચિત છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞ ભગવાને જોયું છે તેમ, જે પરિણમન થવાનું છે તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે, તે નિમિત્તથી, તે જ પ્રમાણે પરિણમન થાય છે. કેવળ જ્ઞાનમાં બધા જ દ્રવ્યોની ત્રણકાળની પર્યાયો જણાય છે અને અનંત કેવળી ભગવંતો જગતને જેમ છે તેમ યુગપત, એકસામટું, એક સરખું જાણે છે. આમ દ્રવ્યોની બધી જ પર્યાય ક્રમનિશ્ચિત છે.

૩) ઉપાદાનની યોગ્યતા અને નિમિત્તની સ્વતંત્રતા :- બધા જ દ્રવ્યોનું સમયે સમયે પરિણમન થાય છે. આ પરિણમન તે તે સમયના ક્ષણિક ઉપાદાન અનુસાર એટલે કે તત્ સમયની યોગ્યતા અનુસાર થાય છે. આ યોગ્યતામાં સ્વભાવ, પુરુષાર્થ, કાળલબ્ધિ અને ભવિતવ્યતા એમ

ચાર સમવાય આવી જાય છે. અને પાંચમાં સમવાય–નિમિત્ત–ની હાજરી હોય છે. પણ બીજા દ્રવ્યના પરિણામનમાં આ નિમિત્ત દ્રવ્ય કાર્યકારી નથી.

ઉપર્યુક્ત વ્યવસ્થિત વ્યવસ્થાના સિધ્ધાંતો ને આધારે–

–આ જગતમાં પ્રત્યેક વર્તમાન વર્તતી પળે જે જે દ્રવ્ય જ્યાં જ્યાં છે, જે જે અવસ્થામાં છે તે બધું જ વ્યવસ્થિત છે.

–ભુતકાળમાં જગતમાં જે જે સમયે જે કંઈ બની ગયું એટલે કે જે જે દ્રવ્ય જ્યાં જ્યાં હતું, જે જે અવસ્થામાં હતું તે તે બધું જ વ્યવસ્થિત હતું.

–ભવિષ્યકાળમાં જે કંઈ થતું રહેશે– એટલે કે જે જે સમયે જે જે દ્રવ્ય જ્યાં જ્યાં હશે, જે જે અવસ્થામાં હશે, તે બધું જ વ્યવસ્થિત હશે.

–આમ કેમ ? એવા પ્રશ્નને સ્થાન નથી.

**૧૪) જગતમાં બધા દ્રવ્યો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને પરિણમી રહ્યા છે.**

આ જગતમાં રહેલા અનંત જીવોમાં એક એક જીવ, અનંતાઅનંત પુદ્ગલ પરમાણુમાં એક એક પરમાણુ અને બાકીના ચારે દ્રવ્યો–સૌ દ્રવ્ય–ગુણ– પર્યાયાત્મક સ્વરૂપે છે. બધા જ દ્રવ્યો અનંતગુણ, શકિતઓના અખંડ–અભેદ–એકરૂપ પીંડ તરીકે અનાદિકાળથી પોતાનું અસ્તિત્વ સ્વતંત્રપણે ટકાવી રહ્યા છે. અને બધા જ દ્રવ્યોનું સમયે સમયે સ્વતંત્ર પરિણમન થઈ રહ્યું છે. એક એક દ્રવ્ય સ્વયંમાં પરિપૂર્ણ અને પરથી નિરપેક્ષ છે.

**૧૫) બધા જ દ્રવ્યોનું પરિણમન ક્રમબધ્ધ (નિશ્ચિત) જ છે.**

જે દ્રવ્યનું, જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞ ભગવાને જોયું છે તેમ જે પરિણમન થવાનું છે, તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે, તે નિમિત્તે, તે જ પ્રમાણે પરિણમન થાય છે.. તેમાં દેવેન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કાંઈ પણ ફેરફાર કરી શકતા નથી. કેવળજ્ઞાનમાં બધા જ દ્રવ્યોની ત્રણકાળની પર્યાયો જણાય છે. અને અનંત કેવળી ભગવંતો જગતને

એકસરખું જ જાણે છે. આમ બધા જ દ્રવ્યોની બધી જ પર્યાયો ક્રમબધ્ધ (નિશ્ચિત ક્રમમાં) જ થાય છે.

**૧૬) બધા જ દ્રવ્યો પોતાના ઉપાદાનની યોગ્યતાથી પરિણમી રહ્યા છે ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કંઈ કરતું નથી.**

બધા જ દ્રવ્યો સમયે સમયે પોતાના ક્ષણિક ઉપાદાન અનુસાર એટલે કે તત્ - સમયની યોગ્યતા પ્રમાણે પરિણમી રહ્યા છે. દરેક કાર્ય (પરિણમન) થવા માટે પાંચ સમવાયની હાજરી જરૂરી છે. એમાં સ્વભાવ, પુરૂષાર્થ, કાળલબ્ધિ અને ભવિતવ્યતા એ ચારે દ્રવ્યની પોતાની જ યોગ્યતા રૂપે છે. જ્યારે નિમિત્ત એ બીજું દ્રવ્ય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરે નહીં, એ ન્યાયથી પરિણમતા દ્રવ્યમાં નિમિત્ત-દ્રવ્ય અંકિચિત્કર છે (એટલે કે કંઈ કરતું નથી).

**૧૭) હવે મને જગતના જીવો પ્રત્યે કોઈ ફરીયાદ નથી.**

અત્યાર સુધી મેં જે કંઈ પ્રતિકુળતાઓ અને દુ:ખદ અવસ્થાઓ માની લીધી તેને માટે હું બીજા દ્રવ્યો પર દોષારોપણ કરતો આવ્યો છું. હવે મને સમજાય છે કે જે કંઈ પરિસ્થિતીઓ આવી તે બધી જ મારી પોતાની યોગ્યતા અનુસાર જ હતી. બીજા જીવો કે પરપદાર્થ એમાં જરાપણ કારણભૂત ન હતા. વળી તે તે સમયે તે તે પ્રમાણે જ ઘટનાઓ ઘટવાની હતી, અને તે ઘટનાઓમાં મારી સત્તા હતી જ નહિ. જે કંઈ બન્યું તે વ્યવસ્થિત જ હતું. માટે હવે મને જગતના જીવો પ્રત્યે કોઈ ફરિયાદ નથી.

**૧૮) સ્વભાવથી બધા જ જીવો ભગવાન સ્વરૂપ જ છે.**

સ્વભાવ દ્રષ્ટિથી (દ્રવ્ય દ્રષ્ટિથી) બધા જ જીવો શુધ્ધ, નિર્મળ પવિત્ર જ છે. ભવિથી માંડીને અભવિ સુધી, નિગોદથી માંડી સિધ્ધ સુધી અને એકેન્દ્રિય થી માંડી પંચેન્દ્રિય સુધી, બધા જીવો સ્વભાવથી પરમાત્મા જ છે. હું-એક જીવદ્રવ્ય સ્વભાવથી પરિપુર્ણ પરમાત્મા છું અને સઘળા જીવો પણ પરિપુર્ણ પરમાત્મા જ છે. સર્વ જીવ છે સિધ્ધ સમ.

૧૯) વર્તમાન પર્યાયમાં દોષને હું જોતો નથી કારણ કે તે એક સમયની ભૂલ છે.

પૂર્ણ અવસ્થા નહીં પામેલા દરેક સંસારી જીવની વર્તમાન અવસ્થામાં કંઈક દોષ છે, ભૂલ છે. આ ભુલ ક્ષણિક, એક સમય માત્રની જ છે. જ્યારે સ્વભાવથી તો પ્રત્યેક જીવ ત્રિકાળ શુધ્ધ જ્ઞાયક પરમાત્મા છે. કોઈપણ જીવ પોતાના પુરુષાર્થથી અને સદ્‌ગુરૂના યોગથી પોતાના શુધ્ધ સ્વભાવના આશ્રયે વર્તમાન ભૂલ ટાળી શકે છે. પર્યાયદ્રષ્ટિ સંસારનું કારણ છે અને દ્રવ્યદ્રષ્ટિ મુકિતનું કારણ છે. માટે પર્યાયમાં રહેલ દોષ પર મારી દ્રષ્ટિ જ ન જાય એવો પુરુષાર્થ કરી રહ્યો છું. અને ખરેખર આત્મસ્વરૂપે મારી સત્તાનો વિસ્તાર એટલો જ છે કે હું પર્યાય દ્રષ્ટિ છોડી, દ્રવ્ય દ્રષ્ટિ કરૂં.

૨૦) મેં જો કોઈને પણ પર્યાય દ્રષ્ટિથી જોયા હોય તો હું બધા જીવોની અંત:કરણપૂર્વક ક્ષમા ચાહું છું.

જીવોની વર્તમાન પર્યાયમાં દોષ છે અને એ દોષો પર દ્રષ્ટિ કરી મેં જીવો પ્રત્યે અજ્ઞાનતાથી રાગ-દ્વેષ કર્યા છે, કલેશ કર્યો છે, વેરભાવ કર્યા છે. પરંતુ એ મારી ભૂલ છે. એ ભૂલનો હું પ્રમાણિકપણે સ્વીકાર કરું છું. સ્વભાવથી બધા જીવો પરમાત્માસ્વરૂપ છે. હું સર્વ જીવોને અંત: કરણપૂર્વક ખમાવું છું. સૌ જીવો મને ક્ષમા કરો. હું પણ સર્વ જીવોને અત્યંત નિર્મળભાવ અને હૃદયપૂર્વક ક્ષમા કરું છું. મને આ ક્ષમાભાવ યર્થાથપણે નિરંતર વર્તી રહો એ જ ભાવના ભાવું છું.

### સ્વસંબોધન

## હે જીવ! આટલું કર

આત્માને સાધવા દુનિયા ને ભૂલ. સિધ્ધપદ ને સાધવા સંસાર ની ઉપેક્ષા કર. દુ:ખની વેદનાથી છુટવા ચૈતન્યનું વેદન કર. મરણથી છુટવા તારા જીવત્ત્વ ને જાણ. તારૂં સ્વસંવેદન એ જ તારૂં શરણ છે. એ જ સાચું જીવન છે.

# આવી ભાવના મારે હૈયે પણ હોજો

સર્વ જીવો સાધર્મી છે. કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા ૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

(પૂ. ગુરૂદેવશ્રી-દષ્ટિ ના નિધાન બોલ નં. ૩૪૪)

અહો ! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો ક્યાંય રહી ગયું, બીજાનો તિરસ્કાર કરવો એ પણ ક્યાંય રહી ગયું, પણ બધા જીવો સુખી થાવ; અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ ! .....પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ ! તારે પ્રભુ થવું છે ને !

(પૂ. ગુરૂદેવશ્રી-દષ્ટિ ના નિધાન બોલ નં. ૨)

卐 卐 卐

# મૈત્રિ આદિ ચાર ભાવના

## –: મૈત્રી ભાવના :-

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું
મુજ હૈયા માં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે...

## –: પ્રમોદ ભાવના :-

ગુણ થી ભરેલા ગુણી જન દેખી
હૈયું મારૂં નૃત્ય કરે,
એ સંતો ના ચરણ–કમળમાં
મુજ જીવન નું અર્ધ્ય રહે...

## –: કારૂણ્ય ભાવના :-

દીન, ક્રુર ને ધર્મવિહોણા,
દેખી દિલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી
અશ્રુનો શુભ શ્રોત વહે...

## –: માધ્યસ્થ ભાવના :-

માર્ગ ભુલેલા જીવનપથિકને
માર્ગ ચીંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ મારગ ની
તોય સમતા ચિત્ત ધરૂં...

## –: સર્વ મંગલ :-

વીરપ્રભુની ધર્મ ભાવના
હૈયે સૌ માનવ લાવે,
વેરઝેર ના પાપ તજીને
મંગલ ગીતો એ ગાવે...

# બાર ભાવના

**૧) અનિત્ય ભાવના**

આ જગતનો પ્રત્યેક જીવ-અજીવ પદાર્થ પરિણમનશીલ છે, પરિવર્તનશીલ છે. મને જે કંઈ જણાઈ રહ્યું છે તે પરિણામ છે, પર્યાય છે, અવસ્થા છે. આ અવસ્થા અનિત્ય અને ક્ષણભંગુર છે. આ શરીરની જન્મ મરણરૂપ અવસ્થા, યુવાની -વૃધ્ધાવસ્થા, રોગી -નિરોગી અવસ્થા એ સર્વ અનિત્ય, ક્ષણભંગુર અને પરિવર્તનશીલ છે. તેવી જ રીતે કુટુંબ-પરિવાર, સાધનો, સામગ્રીઓ, સંયોગો બધું જ અનિત્ય છે, ક્ષણભંગુર છે, પરિવર્તનશીલ છે. આ શરીર નો વિયોગ પણ એક અનિવાર્ય તથ્ય છે. શરીર કે કોઈ પણ સંયોગ મારે માટે ઈષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી. અને એને જાળવી રાખવાનો મારો વિકલ્પ વ્યર્થ છે. આ પરિણમનશીલ જગત વચ્ચે હું પોતે એક ધ્રુવ, શાશ્વત, અપરિણામી શુધ્ધ જીવ દ્રવ્ય છું.

**૨) અશરણ ભાવના**

જગતના બધા જ પદાર્થો સ્વયમેવ સહજપણે સ્વતંત્ર પરિણમી રહ્યા છે. સ્વયં વિઘટન પામતાં સંજોગો અને પદાર્થો ની સુરક્ષા સંભવ નથી. તે જ પ્રમાણે આ શરીરનો વિયોગ, એટલે કે મરણ, અનિવાર્ય છે. આ જીવને મરણ સમયે પરિવારજન, વૈદ, ડૉક્ટર, દવા, તંત્ર, મંત્ર, દેવી-દેવતા કે અન્ય કોઈ સંયોગ શરણરૂપ નથી, બચાવી શકતા નથી. આવા વસ્તુ-સ્વરૂપ નો હું સ્વીકાર કરૂં છું. માટે જગતના કોઈ પણ જીવ-અજીવ પદાર્થ પ્રત્યે મને એકત્ત્વ, મમત્ત્વ કે અપેક્ષાભાવ નથી. મારે માટે તો અક્ષય-અનંત-નિરાકુળ સુખનો માર્ગ દેખાડનાર પંચપરમેષ્ઠિ ભગવંતો જ શરણરૂપ છે. અને પરમાર્થે તો મારો પોતાનો શુધ્ધ આત્મસ્વભાવ, એટલે કે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ જ મારા માટે શરણભૂત છે.

**૩) સંસાર ભાવના**

હું - એક જીવદ્રવ્ય-અનાદિકાળથી ચારગતિ અને ચોર્યાશી લાખ યોનીઓમાં વિવિધ દેહ ધારણ કરી પરિભ્રમણ કરી રહ્યો છું. આ પરિભ્રમણ અને દરેક ભવમાં પ્રાપ્ત થતા સંજોગો એ સંસાર છે. આ સંસાર અસાર છે,

અને મારી અજ્ઞાન અવસ્થામાં એકાંત દુ:ખરૂપ જ છે. ખરેખર તો મારી વર્તમાન અવસ્થામાં ઉત્પન્ન થઈ રહેલા મોહ, રાગ, દ્વેષ,મુર્છા, પરદ્રવ્યો પ્રત્યે મમત્ત્વ, સુખબુધ્ધિ વિગેરે વિભાવો જ સંસાર છે. મને આ મહામુલો માનવભવ મળ્યો છે. મને સમજાય છે કે આ સંસારમાં સુખની કલ્પના કરવી વ્યર્થ છે. હું તો સ્વભાવથી સદાય સંસારના બંધનોથી મુક્ત એવો પ્રત્યેક સમયે મોક્ષ–સ્વરૂપ જ છું.

**૪) એકત્ત્વ ભાવના**

અનાદિકાળથી થઈ રહેલા સંસાર પરિભ્રમણમાં અનંતા જીવો સાથે મને સંબંધો પ્રાપ્ત થયા અને અન્ય વિવિધ પ્રકારના સંજોગ મળ્યા છતાં પણ એ સંબંધો અને સંજોગોની વચ્ચે હું હંમેશાં એકલો જ રહ્યો છું. જન્મ મરણ સમયે પણ એકલો અને તે દરમ્યાન પણ એકલો જ. મારી અજ્ઞાનદશાથી માની લીધેલા અનુકુળ–પ્રતિકુળ સંજોગો વચ્ચે, રોગી–નિરોગી, સુખી–દુ:ખી વિગેરે અવસ્થાઓ માં પણ હું એકલો જ રહ્યો છું અને એ અવસ્થાઓ નો ભોગવટો પણ મેં એકલા એ જ કરેલો છે. જગતના સમગ્ર દ્રવ્યો સંપૂર્ણ સ્વતંત્રપણે, પોતપોતાની યોગ્યતા અનુસાર, પરિણમી રહ્યા હોવાથી એકબીજા ના સાથ, સહકાર, સહયોગની વસ્તુ–સ્વરૂપમાં વ્યવસ્થા જ નથી. એટલે મને કોઈપણ પરદ્રવ્ય પાસેથી કોઈ અપેક્ષા જ નથી. હું એકલો જ છું એ સનાતન સત્ય છે. એકલાપણું એ મંગળ છે, ઉત્તમ છે. સિધ્ધ ભગવંતો એકલા જ પોતાનું અક્ષય, અનંત, અવ્યાબાધ સુખ ભોગવી રહ્યા છે. પ્રત્યેક સમયે હું પોતે પણ સ્વભાવથી એકત્ત્વ સ્વરૂપ જ છું.

**૫) અન્યત્ત્વ ભાવના**

અનાદિકાળ ના સંસાર પરિભ્રમણમાં, અજ્ઞાનવશ, હું દેહ અને આત્માને એક જ માનતો આવ્યો છું. પણ ખરેખર તો બન્ને ભિન્ન છે. એકક્ષેત્રે અવગાહન હોવા છતાં જીવ અને દેહ હરહંમેશ ભિન્ન જ રહ્યા છે. મારૂં (એટલે કે આત્માનું) દેહ સાથે હોવું એ તો એક ટુંક સમયના મેળા બરાબર છે. અને આ મેળો તો વિખરાઈ જાય છે. પણ હું જ્ઞાનસ્વરૂપ–

ચેતનસ્વરૂપ આત્મા ક્યારે પણ જડ દેહરૂપ થયો જ નથી. વળી, હું, જીવદ્રવ્ય તેજસ અને કાર્મણ શરીર થી ભિન્ન છું. હું કર્મોના ઉદયથી અને એના ફળરૂપ મોહ -રાગ-દ્વેષ આદિ વિભાવોથી ભિન્ન છું. કુટુંબ પરિવાર, ધન-દૌલત ઇત્યાદિ સંજોગોથી પણ અત્યંત ભિન્ન છું. દેવ-શાસ્ત્ર-ગુરૂ ની ભક્તિથી અને ભેદવિજ્ઞાન સંબંધી શુભ વિકલ્પોથી પણ ભિન્ન છુ. પ્રત્યેક પરપદાર્થ અને પરભાવ સ્વતંત્ર છે. અને હું પણ એક સ્વતંત્ર પદાર્થ છું. પ્રત્યેક સમયે હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા સર્વથી સર્વથા ભિન્ન જ છું.

**૬) અશુચિ ભાવના**

આ શરીર અત્યંત મલિન છે, મળ-મુત્ર, લોહી-માંસ, ચરબી-પરૂ નું ઘર છે. એના વિવિધ દ્વારે થી હંમેશાં મેલ-કચરો જ બહાર આવે છે. આ શરીર ને નિરંતર આધિ-વ્યાધિ લાગેલી છે. આ શરીરના સંસર્ગ માં આવનાર ભોજન, વસ્ત્ર વિગેરે પણ મલિન થઈ જાય છે. આ જ પ્રમાણે સગાસંબંધીઓના અને અન્ય સ્ત્રી-પુરૂષો વિગેરે ના શરીરો પણ મલિન, અપવિત્ર અને અશુચિમય છે. આ શરીર કે અન્ય કોઈ શરીર સ્નેહ કરવા, ઇચ્છવા કે રમવા યોગ્ય નથી. આવા મહામલિન દુર્ગંધમય શરીરમાં રહેવા છતાં હું ભગવાન આત્મા તો સદાકાળ નિર્મળ અને પવિત્ર જ રહ્યો છું.

**૭) આશ્રવ ભાવના**

આ શરીર અને અન્ય સંયોગી પદાર્થો ને લક્ષ્યે અને તેમાં મારી એકત્વ, મમત્વ, સુખબુધ્ધિ વિગેરે કારણે, અજ્ઞાનવશ, જે મોહ-રાગ-દ્વેષ રૂપ વૃત્તિઓ મારી વર્તમાન અવસ્થામાં ઉત્પન્ન થાય છે તે ભાવઆશ્રવ છે. અને એ નિમિત્તે કાર્મણ વર્ગણાનું કર્મરૂપ પરિણમીત થવું તે દ્રવ્ય આશ્રવ છે. ભાવ-આશ્રવ દુ:ખરૂપ છે, દુ:ખનું કારણ છે, મલિન છે, જડ છે, અનિત્ય છે અને સંસારના કારણભૂત છે. મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોરૂપ આ ભાવ-આશ્રવ મારા સ્વભાવમાં નથી, એ આત્મસ્વભાવથી ભિન્ન છે, હેય છે. અશુભ એવા પાપભાવ તો આદરવા યોગ્ય નથી જ, પણ શુભ એવા પુણ્યભાવ પણ આદરણિય નથી. શુભભાવ હોય ખરા, પણ એ

ધર્મ નથી, એ બંધભાવ છે અને મોક્ષમાર્ગ માં બાધક છે. આવા વિકારી ભાવોથી અત્યંત ભિન્ન એવો હું શુધ્ધ આત્મા, ચૈતન્ય પરમાત્મા, એક જ્ઞાયકભાવ છું.

**૮) સંવર ભાવના**

મોહ-રાગ-દ્વેષ રૂપ આશ્રવ ભાવો ને રોકનાર જે શુધ્ધભાવ તે ભાવ સંવર છે. અને તે સમયે નવા કર્મો નો આશ્રવ અટકવો તે દ્રવ્ય સંવર છે. વ્યવહારથી ત્રણ ગુપ્તિ, પાંચ સમીતિં, દશ-ધર્મ, બાર ભાવના, બાવીસ પરિસહજય, પાંચ પ્રકારના ચારિત્ર વિગેરે થી સંવર થાય છે. જાગૃતિપૂર્વક અને સાવધાનીપૂર્વક સંવરના કારણભૂત વ્રતનિયમો ને અંગીકાર કરવાની ભાવના ભાવું છું. સંવર સુખમય છે અને સુખનું કારણ છે. ભેદવિજ્ઞાનપૂર્વક આત્મસન્મુખતા કે ઉપયોગની આત્મામાં લીનતાપૂર્વક જ સાક્ષાત્ સંવર થાય છે. ધર્મની શરૂઆત સંવર થી જ થાય છે. અને મિથ્યાત્ત્વરૂપ મહાપાપ નો વિનાશક સંવર જ છે. સંવરભાવના જ્ઞાનની ગંગા છે, આનંદની જનની છે. પરમાર્થ સંવરરૂપ સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર નો જ હું ઉધમી રહું અને ભેદવિજ્ઞાનરૂપ નિર્મળ જ્યોતિ ને સદાય પ્રદિપ્ત કરતો હું અનંતગુણોના અખંડપિંડ એવા નિજ ચૈતન્ય સ્વભાવમાં રસલીન રહું એ જ ભાવના ભાવું છું.

**૯) નિર્જરા ભાવના**

શુધ્ધ આત્માની સાધના જ નિર્જરા છે. નિજ આત્મા તરફ નિત્ય વૃધ્ધિગત ભાવના જ નિર્જરા છે. નિર્જરા તપ, ત્યાગ, સુખ-શાંતિ નો વિસ્તાર કરવા વાળી છે. ધ્રુવધામ નિજ આત્માની આરાધનાથી ઉત્પન્ન થનાર એકમાત્ર અવિપાક નિર્જરા જ કામની છે. સંવર ના કારણો-ગુપ્તિ, સમીતિ -ઇત્યાદિ ઉપરાંત બાર પ્રકારના તપ પણ નિર્જરા ના વિશેષ કારણરૂપ છે. અહંકાર અને નિદાન રહિત જ્ઞાનીના બાર પ્રકારના તપ અને વૈરાગ્ય ભાવનાથી નિર્જરા થાય છે. શુધ્ધિ ની ઉત્તપતિ તે સંવર છે. તે ધર્મ છે. શુધ્ધિ ની વૃધ્ધિ નિર્જરા છે અને શુધ્ધિની પુર્ણતા તે મોક્ષ છે. ઇન્દ્રિયો

અને કષાયો ને જીતવા, સામ્યભાવ ધારણ કરવું, આત્મસ્મરણ કરવું વિ. પરમ નિર્જરા નું કારણ છે. નિર્જરા ના હેતુભૂત ભેદવિજ્ઞાનપૂર્વક હું નિર્મળ, નિર્દોષ એવા નિજ શુધ્ધ આત્મતત્ત્વની સતત આરાધના કરતો રહું એવી ભાવના ભાવું છું.

**૧૦) લોક-ભાવના**

છ દ્રવ્યના સમુદાયરૂપ આ લોક ને ન કોઈએ બનાવ્યો છે, ન કોઈએ એને ધારણ કર્યો છે કે ન કોઈ એનો વિનાશ કરી શકે. આ લોકમાં હું આત્મા-અનાદિકાળથી આત્મજ્ઞાન અને સામ્યભાવ વગર ચાર ગતિ અને ચોર્યાશી લાખ યોનીઓમાં સંસાર પરિભ્રમણ કરી રહ્યો છું. આ દુ:ખરૂપ પરિભ્રમણ મારી પોતાની જ કરણી નું ફળ છે. ખરેખર તો હું ભગવાન આત્મા આ છ દ્રવ્યમય લોકથી અત્યંત ભિન્ન છું. લોકના શિખરે વિદ્યમાન સિધ્ધશિલા પર બિરાજવું એ જ મારૂ ધ્યેય છે અને કર્તવ્ય છે. સંપૂર્ણપણે નિર્મળ એવા કેવળજ્ઞાનમાં આ શુધ્ધ આત્મા અને અન્ય સર્વ પદાર્થો જોવામાં આવે છે, જ્ઞાત થાય છે. એટલે આત્મા નિશ્ચયલોક છે. હું સમગ્ર લોકથી ભિન્ન છું અને વિરક્ત છું. લોક મારા માટે અકીંચિત્કર છે. આ જગત ને માત્ર જાણીને, ત્યાંથી દ્રષ્ટિ હટાવી લઈ, નિજ આત્મ સ્વરૂપ માં જ જામી જાઉં, સ્થિર થઈ જાઉં અને અનંત અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરૂં એવી ભાવના ભાવું છું.

**૧૧) બોધિદુર્લભ ભાવના**

આ છ દ્રવ્યમય લોકમાં શરીર, પરિવાર, સામગ્રી આદિ સંયોગો પ્રાપ્ત થવા દુર્લભ નથી. અને આ બધા સંયોગો ને લક્ષ્યે થઈ રહેલા શુભ-અશુભ, પુણ્ય-પાપ રૂપ ભાવ પણ દુર્લભ નથી. આ બધું તો અનાદિકાળથી અનંતવાર મને મળી ચુક્યું છે. ખરેખર દુર્લભ તો મારા પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન, શ્રધ્ધાન, અને રમણતા છે. સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર એ સંસારની મહાદુર્લભ વસ્તુ છે. નિગોદ થી નીકળી ત્રસ-પર્યાય પ્રાપ્ત કરવી દુર્લભ છે અને ત્યાંથી સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણું પ્રાપ્ત કરવું ઉત્તરોત્તર દુર્લભ છે. એવા

મનુષ્યપણામાં ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, સ્વસ્થ ઇન્દ્રિયો, પુર્ણ આયુષ્ય, અનુકુળ સંયોગ પ્રાપ્ત થવા દુર્લભ છે. આ ભવમાં મને આ સઘળું જ પ્રાપ્ત થયું છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ નું શરણ અને સત્ય ધર્મ માર્ગ નો બોધ પ્રાપ્ત થવો તો અતિ દુર્લભ છે. પરંતુ મને મહાપુણ્ય ના યોગે અને મારી કોઈ વિશેષ યોગ્યતા થકી એ પણ પ્રાપ્ત થયા છે. સમ્યક્‌બોધિ દુર્લભ છે પણ એ સદાય મારા આત્મસ્વરૂપમાં જ ઉપલબ્ધ છે, એ મારી પોતાની વસ્તુ છે, સ્વાધિન છે. માટે એ સુલભ પણ છે. પુરૂષાર્થ ને જાગ્રૃત કરવાવાળી આ પરમભાવના છે. હવે હું એક સમય પણ વ્યર્થ ગુમાવ્યા વગર મહાદુર્લભ એવા મોક્ષમાર્ગ ની ઉપલબ્ધિમાં ઉધમી રહું એ જ ભાવના ભાવું છું.

**૧૨) ધર્મ ભાવના**

જ્ઞાનાનંદ સ્વભાવી નિજ ભગવાન શુધ્ધ આત્માની આરાધના જ વાસ્તવિક ધર્મ છે, નિશ્ચય ધર્મ છે. એના વગર કરવામાં આવેલું સર્વ ક્રિયાકાંડ નિષ્ફળ છે. પરમાં આત્મબુધ્ધિ છોડીને પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનું શ્રધ્ધાન - અનુભવ તથા જ્ઞાયક-સ્વભાવમાં પ્રવર્તનરૂપ આચરણ જ ધર્મ છે. રત્નત્રય જ ધર્મ છે, વીતરાગી પરિણતિ ધર્મ છે. સમતાભાવ, માધ્યસ્થભાવ, શુધ્ધભાવ, સ્વભાવની આરાધના એ બધું ધર્મસ્વરૂપ છે. સ્વભાવ થી હું સ્વયં પરમાત્મા છું, એ પરમાત્માપણું પામવાને હું લાયક છું અને સમર્થ પણ છું. એવા નિજ સ્વભાવ ના જ્ઞાન, શ્રધ્ધાન અને ધ્યાન ની સાધના, આરાધના, ઉપાસના હું અવિરત, અતુલ પુરૂષાર્થ થી કરતો રહું એવી પાવન ભાવના ભાવું છું.

બસ, આવી પ્રતીતિ...

હું પરમાત્મા છું.
હું પરમાત્મા છું જ.
હું પરમાત્મા જ છું.
હું જ પરમાત્મા છું.

# સોળ કારણ ભાવના

(શ્રી. રત્નકરંડ શ્રાવકાચાર (ગુજરાતી) પાનાનં. ૨૩૦-૨૩૧ પ્રમાણે સંક્ષિપ્ત વિવરણ)

**૧. દર્શન વિશુધ્ધિ ભાવના**

હે ભવ્ય જીવો! આ દુર્લભ મનુષ્ય જન્મમાં પચ્ચીસ દોષ રહિત દર્શન વિશુધ્ધિ નામની ભાવના ભાવો. સમ્યગ્દર્શનનો નાશ કરવાવાળા દોષોનો ત્યાગ કરવામાં જ સમ્યગ્દર્શનની ઉજ્જવળતા છે. ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન, શંકાદિ આઠ દોષ–એ સાચા શ્રધ્ધાનને મલિન કરવાવાળા પચ્ચીસ દોષ છે, તેમનો દૂરથી જ ત્યાગ કરો.

**૨. વિનય સંપન્નતા ભાવના**

પાંચ પ્રકારનો વિનય, જેવો ભગવાનના પરમાગમમાં કહ્યો છે તે રીતે કરવો જોઈએ. દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, ઉપચાર વિનય – એ પાંચ પ્રકારના વિનયને ભગવાન જિનેન્દ્રએ જિનશાસનનું મૂળ કહ્યું છે. જ્યાં પાંચ પ્રકારનો વિનય નથી ત્યાં જિનેન્દ્રના ધર્મની પ્રવૃત્તિ જ નથી. એટલા માટે જિનશાસનના મૂળ વિનયરૂપ જ રહેવું યોગ્ય છે.

**૩. શીલ વ્રતેષ્વનતીચાર ભાવના**

અતિચાર રહિત શીલને પાળવું જોઈએ. શીલને મલિન કરવું ન જોઈએ. ઉજ્જવળ શીલ જ મોક્ષના માર્ગમાં મહાન સહાયક છે. જેને ઉજ્જવળ શીલ છે તેને મોક્ષના માર્ગમાં ઇન્દ્રિયો, વિષય, કષાય, પરિગ્રહ આદિ વિઘ્ન કરી શકતાં નથી.

**૪. અભિક્ષણ જ્ઞાનોપયોગ ભાવના**

આ દુર્લભ મનુષ્ય જન્મમાં પ્રતિક્ષણ જ્ઞાનોપયોગ રૂપ જ રહેવું જોઈએ. સમ્યગ્જ્ઞાન વિના એક ક્ષણ પણ વ્યતીત ન કરો. જે અન્ય સંકલ્પ-વિકલ્પ સંસારમાં ડૂબાડવાવાળા છે તેમનો દૂરથી જ પરિત્યાગ કરો.

૫. સંવેગ ભાવના

ધર્માનુરાગપૂર્વક સંસાર, શરીર, ભોગોથી વૈરાગ્યરૂપ સંવેગ ભાવનાનું હંમેશાં મનમાં ચિંતવન થવું જોઈએ. તેનાથી બધા વિષયોમાં અનુરાગનો અભાવ થાય છે, તથા ધર્મમાં તથા ધર્મના ફળમાં અનુરાગરૂપ દૃઢ પ્રવર્તન થાય છે.

૬. શક્તિ પ્રમાણ ત્યાગ ભાવના

અંતરંગમાં આત્માના ઘાતક લોભાદિ ચાર કષાયોનો અભાવ કરી પોતાની શક્તિ અનુસાર સુપાત્રોના રત્નત્રયાદિ ગુણોમાં અનુરાગ કરી ચાર પ્રકારનાં દાનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

૭. શક્તિ પ્રમાણ તપ ભાવના

અંતરંગ-બહિરંગ બંને પ્રકારના પરિગ્રહમાં આસક્તિ છોડી સમસ્ત વિષયોની ઈચ્છાનો અભાવ કરી અત્યંત કઠિન તપને પોતાની શક્તિ અનુસાર કરવું જોઈએ.

૮. સાધુ સમાધિ ભાવના

ચિત્તમાં રાગાદિ દોષોનું નિરાકરણ કરી પરમ વીતરાગતારૂપ સાધુ સમાન સમાધિ ધારણ કરવી જોઈએ.

૯. વૈયાવૃત ભાવના

સંસારના દુ:ખ-આપદાઓનું નિરાકરણ કરવાવાળી દસ પ્રકારની વૈયાવૃત્ય કરવી જોઈએ.

૧૦. અરિહંત ભક્તિ ભાવના

અરિહંતના ગુણોમાં અનુરાગરૂપ ભક્તિને ધારણ કરી, અરિહંતના નામાદિનું ધ્યાન કરી અરિહંત ભક્તિ કરવી જોઈએ.

૧૧. આચાર્ય ભક્તિ ભાવના

પાંચ પ્રકારના આચારનું જેઓ સ્વયં આચરણ કરે છે, અન્ય શિષ્ય મુનિઓને કરાવે છે, દીક્ષા શિક્ષા દેવામાં નિપુણ, ધર્મના સ્તંભ એવા આચાર્ય પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગ કરવો તે આચાર્ય ભક્તિ છે.

१२. બહુશ્રુત ભક્તિ ભાવના

નિરંતર જ્ઞાનમાં પ્રવર્તન કરવાવાળા, કરાવવાવાળા, સ્વયં સમ્યગ્જ્ઞાનનું પઠન કરે છે, અન્ય શિષ્યોને ભણાવે છે, ચારેય અનુયોગોના જ્ઞાનના પારગામી (નિષ્ણાત) અંગ–પૂર્વ–શ્રૂતના ધારી ઉપાધ્યાય પરમેષ્ઠીની ભક્તિ કરવી તે બહુશ્રુત ભક્તિ છે.

१३. પ્રવચન ભક્તિ ભાવના

જિનશાસનને પુષ્ટ કરવાવાળા, સંશય આદિ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન જે ભગવાનનું અનેકાન્તરૂપ આગમ છે તેના પઠન, શ્રવણ, પ્રવર્તન, ચિંતવનમાં ભક્તિપૂર્વક પ્રવર્તવૂં તે પ્રવચન ભક્તિ ભાવના છે.

१४. આવશ્યક પરિહાણિ ભાવના

અવશ્ય કરવા યોગ્ય જે ષટ આવશ્યક તે અશુભ કર્મોના આસ્ત્રવને રોકીને મહાન નિર્જરા કરવાવાળા છે, અશરણને શરણ છે. એવા આવશ્યકોને એકાગ્ર ચિત્તથી ધારણ કરી નિરંતર તેમની ભાવના ભાવવી જોઈએ.

१५. સન્માર્ગ પ્રભાવના ભાવના

જિનમાર્ગની પ્રભાવનામાં નિત્યપ્રવર્તન કરવું જોઈએ. જિનમાર્ગની પ્રભાવના ધન્યપુરૂષ દ્વારા થાય છે. અનેક લોકોની વીતરાગ ધર્મમાં પ્રવૃત્તિ તથા કુમાર્ગનો અભાવ પ્રભાવના દ્વારા જ થાય છે.

१६. પ્રવચન વત્સલત્ત્વ ભાવના

ધર્મમાં, ધર્માત્મા પુરૂષોમાં, ધર્મના આયતનમાં, પરમાગમના અનેકાંતરૂપ વચનોમાં પરમ પ્રીતિ કરવી તે વાત્સલ્ય ભાવના છે. આ વાત્સલ્ય ભાવના બધી ભાવનાઓમાં મુખ્ય છે, વાત્સલ્ય અંગ બધા અંગોમાં મુખ્ય છે, મહા મોહ તથા માનનો નાશ કરવાવાળું છે.

## શ્રધ્ધા ને બળ

પહેલાં નક્કી કરો કે આ જગતમાં સર્વજ્ઞતાને પામેલા કોઈ આત્મા છે કે નહિં? જો સર્વજ્ઞ છે, તો એમને તે સર્વજ્ઞતારૂપી કાર્ય કઈ ખાણમાંથી આવ્યું? ચૈતન્યશક્તિની ખાણમાં સર્વજ્ઞતારૂપી કાર્યનું કારણ થવાની તાકાત પડી છે. આવી ચૈતન્યશક્તિની સન્મુખ થઈને સર્વજ્ઞતાનો સ્વીકાર કરતાં તેમાં અપૂર્વ પુરૂષાર્થ આવે છે. સર્વજ્ઞતાનો સ્વીકાર કરતાં અપૂર્વ પુરૂષાર્થ ઊડી જાય છે એ માન્યતા તો ઘણી મોટી ભૂલ છે. કેવળજ્ઞાન ને તેના કારણની પ્રતીતિ કરતાં જેને સ્વસન્મુખતાનો અપૂર્વ પુરૂષાર્થ ઊપડે છે તે જીવ નિઃશંક થઈ જાય છે કે મારા આત્માના આધારે સર્વજ્ઞની પ્રતીતિ કરીને મોક્ષમાર્ગનો પુરૂષાર્થ મેં શરૂ કર્યો છે, ને સર્વજ્ઞના જ્ઞાનમાં પણ એ જ રીતે આવ્યું છે; – હું અલ્પ કાળમાં મોક્ષ પામવાનો છું ને ભગવાનના જ્ઞાનમાં પણ એમ જ આવ્યું છે.

(પૂ. ગુરૂદેવશ્રીના વચનામૃત બોલ નં. ૨૧૦)

## બધા સાથે રહેવાના છે.

પૂજ્ય ગુરૂદેવ બધાને તેડવા આવ્યા છે, તેમના સમવસરણમાં લઈ જવા તેડવા આવ્યા છે. જવા માટે બધાને તૈયાર કરી દીધા. જે તીર્થંકર થઈને મોક્ષ જાય તે બધાને સમવસરણમાં તેમની સાથે લઈ જાય. પૂજ્ય ગુરૂદેવ કહે છે કે હું આ માર્ગે જાવ છું, તમે બધા આ માર્ગે હાલો. તેઓ પૂર્ણમાર્ગને પ્રગટ કરશે ત્યારે જે હશે તે બધા ખેંચાઈને આવશે. આ પંચમકાળમાં જે તૈયારીવાળા જીવો હશે તે પૂજ્ય ગુરૂદેવના સમવસરણમાં જવા માટે તૈયાર થઈ જશે. પૂજ્ય ગુરૂદેવના સમવસરણમાં જે આવ્યા છે તે હવે છૂટા થોડા પડવાના છે? બધા સાથે રહેવાના છે. આ બધું તેમની સાથે જ ઉપડવાનું છે. પૂજ્ય ગુરૂદેવ તીર્થંકર ભગવાન તરીકે છે. ઠેઠ સુધી સમવસરણમાં તેમની હારે જવાનું છે.

(પૂજ્ય બહેનશ્રી – આત્મદર્શન – અંકમાંથી)

# સર્વજ્ઞતા નો સ્વીકાર

સર્વજ્ઞતા એ ધર્મનું મૂળ છે. તીર્થંકર પરમાત્મા ની દિવ્યધ્વનિમાં વસ્તુસ્વરૂપ, વિશ્વનું સ્વરૂપ, ધર્મનો માર્ગ, સર્વ કંઈ જે પ્રકાશીત થયું તે સર્વજ્ઞતા ને અનુસરી ને જ થયું.

કેવળજ્ઞાન ની એક સમયની પર્યાયમાં અનંત દ્રવ્યો પૃથક પૃથક જણાય, પ્રત્યેક દ્રવ્યના અનંત ગુણો પૃથક -પૃથક જણાય, પ્રત્યેક દ્રવ્યોના પ્રત્યેક ગુણની ત્રિકાળવર્તી પર્યાયો એક એક પૃથક જણાય, અને એક એક પર્યાય ના અવિભાગ પ્રતિચ્છેદ પૃથક -પૃથક જણાય. નિશ્ચયથી તો કેવળી ભગવાન પોતાના અભેદ સ્વભાવને જ તન્મયપણે જાણે છે અને નિર્વિકલ્પ અનુભૂતિની અવસ્થામાં જ રહે છે.

આટલા બધા, એટલે કે બેહદ અને અપાર, જ્ઞેયો, યુગપત્ (એક જ સમયે) એક સામટા જણાય. વળી આ જ્ઞાન જ્ઞેયોથી ન થાય, દ્રવ્યેન્દ્રિયો થી ન થાય, ભાવેન્દ્રિયો થી ન થાય, નિમિત્તોથી ન થાય, પણ જ્ઞાન સ્વભાવથી જ થાય. અને અનેકને જાણવા છતાં જ્ઞાન અનેકપણે ન થાય પણ અખંડ રહે, અભેદ રહે, એકરૂપ રહે.

આવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો જે સ્વરૂપમાં અંતર નિમગ્ન છે તે સર્વજ્ઞ ભગવાન નો દ્રવ્યસ્વભાવ.

અહો શું જ્ઞાનની અનંતતા! શું જ્ઞાનની સુક્ષમતા !! શું જ્ઞાનની દિવ્યતા!!!

આવો જ અચિંત્ય મહિમાવંત જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તે હું. સ્વભાવદ્રષ્ટિ થી આવી સ્વપરપ્રકાશક શકિત નો પરિપૂર્ણ જ્ઞાનભંડાર ભગવાન આત્મા તે હું.

આ રીતે વિચારદશાએ મને સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર આવે છે, સર્વજ્ઞ ભગવાનની શ્રધ્ધા થાય છે અને મારા પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થાય છે.

બાકી તો .......

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શક્યા નહિં પણ તે શ્રી ભગવાન જો
તેહ સ્વરૂપ ને અન્ય વાણી તે શું કહે
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

હે પ્રભુ! મારી વર્તમાન ભુમિકામાં આવા વિકલ્પો દ્વારા આપના પ્રગટ સામર્થ્ય વિષે મારી શ્રધ્ધાને બળવતર કરૂં છું અને મારા સ્વભાવસામર્થ્ય નો મહિમા કરૂં છું.

હે પ્રભુ ! એ સ્વભાવ સામર્થ્ય મને શિઘ્ર પ્રગટપણે પ્રાપ્ત હો એવી ભાવના આપના શરણમાં રહીને ભાવું છું.

● ● ●

## પરમાર્થે ભાવના

કારણ પરમાત્મા પોતે ધ્રુવ છે, નિત્ય છે. નિત્યાનંદ, વિતરાગ આનંદ સ્વરૂપ છે. એને અંતરમાં ધ્યેય બનાવીને, એને ધ્યેય બનાવીને, જ્ઞાનની વર્તમાન દશામાં, એને જ્ઞેય બનાવીને એકાગ્ર થવું એનું નામ અહીંયા ભાવના કહેવામાં આવે છે. એ ભાવનાથી આત્મા કાર્યપરમાત્માપણું પામે છે.

– નિયમસાર (ગાથા-૯) પુ. ગુરૂદેવ નાં પ્રવચનમાંથી

● ● ●

# સિધ્ધ સમાન સદા પદ મેરો

લોક ના અગ્રસ્થાને સિધ્ધશીલા પર બીરાજમાન શ્રી સિધ્ધ ભગવાન એક એક સમયે પરિપૂર્ણ છે. હું પણ એક એક સમયે સ્વભાવથી સિધ્ધસમાન પૂર્ણ સ્વરૂપી છું.

સિધ્ધ ભગવાન પોતાના અનંત જ્ઞાન-સામર્થ્ય ને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. હું પણ મારા વર્તમાન જ્ઞાનમાં પોતાની નિર્મળ પર્યાય ના સામર્થ્ય ને જાણું છુ.

જ્યારે હું સિધ્ધ ભગવાન ને જાણું છું, એમના સ્વરૂપનું ચિંતન કરૂં છું, એમની પ્રતીતિ કરૂં છું, ત્યારે ખરેખર તો હું મારા પોતાના સ્વભાવ સામર્થ્ય નો મહિમા અને બહુમાન કરી રહ્યો છું. અત્યારે, આ સમયે, એટલે કે પ્રત્યેક વર્તમાન પળે, હું સ્વભાવથી સિધ્ધ-સમાન પૂર્ણ સ્વરૂપી જ છું.

હું દ્રવ્ય-ગુણ-પર્યાય થી એક અખંડ, અભેદ વસ્તુ વર્તમાનરૂપ જ પ્રત્યેક સમયે પરિપૂર્ણ છું. તેવી જ રીતે તે સમય ના સમગ્ર જ્ઞેયો વર્તમાન માં જ પરિપૂર્ણ છે.

સિધ્ધ ભગવાન પ્રત્યેક સમયે રાગરહિત, વિકારરહિત, દેહરહિત, સંજોગરહિત છે અને પૂર્ણ જ્ઞાન અને આનંદ વગેરે સ્વભાવરૂપ પરિણમે છે. હું પણ એક સમયમાં સિધ્ધ સમાન જ પૂર્ણ સ્વરૂપી છું. સિધ્ધ ભગવાન ના એક સમય ના પ્રગટ અતિન્દ્રિય આનંદ ના અનંતમાં ભાગનું વર્ણન કરવા અનંતાનંત શબ્દાવલી પણ સમર્થ નથી. હું પણ પ્રત્યેક સમયે સ્વભાવ-સામર્થ્ય થી એવા જ અચિંત્ય આનંદ થી પરિપૂર્ણ છું. સિધ્ધ ભગવાન ભવરહિત છે અને હું સિધ્ધ સમાન જ છું. હવે મને ભવ શાના ?

ચૈતન્યને ચૈતન્યમાંથી પરીણમેલી ભાવના-એટલે કે રાગદ્વેષમાંથી નહિં ઉગેલી ભાવના એવી યર્થાથ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છુટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડ ને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિં. ચૈતન્યના પરીણામ સાથે કુદરત બંધાયેલી છે- એવો જ વસ્તુ નો સ્વભાવ છે. આ અનંતા તિર્થંકરો એ કહેલી વાત છે.

-પૂ. બહેનશ્રી

# ધન્ય તે મુનીદશા

હે મુનીભગવંત!

આપના ચરણકમળમાં અત્યંત ભક્તિભાવ પૂર્વક કોટી-કોટી વંદન કરૂં છું.

પ્રચુર સ્વસંવેદનરૂપ જે અતિન્દ્રિય આનંદ આપ માણી રહ્યા છો તે આપની પરમાર્થ મુનીદશા ધન્ય છે, પ્રભુ!

આવા ભાવલિંગ સહિત જે આપની બાહ્ય પવિત્ર નગ્ન દિગંબર દશા છે તે ધન્ય છે, પ્રભુ!

આપ ૨૮ મૂળ ગુણોનું અખંડ પાલન કરો છો. સમસ્ત આરંભ, અંતરંગ-બહિરંગ પરિગ્રહ ઇત્યાદિ થી રહિત છો. સાંસારિક પ્રપંચો થી દૂર રહો છો. સદા જ્ઞાન-ધ્યાનમાં લવલીન રહીને આત્મ સ્વભાવને સાધો છો. આપની એ પવિત્ર સાધક દશા ધન્ય છે, પ્રભુ!

મને સદા આપનું શરણું મળે, અને પરમાર્થે આપના જેવી પવિત્ર સાધક દશા મને શિઘ્ર પ્રાપ્ત હો એ જ ભાવના ભાવુ છું, પ્રભુ!

"આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે ."

જે વર્તમાન જ્ઞાનની પર્યાય, દ્રવ્ય સ્વભાવ- જ્ઞાયક ભગવાન આત્માનો આશ્રય કરે, નિર્ણય કરે, એને સમર્પિત થઈ જાય, એમાં લીન થઈ જાય એટલે કે નિર્વિકલ્પપણે અભેદરૂપે પરીણમી જાય ત્યારે સમ્યગ્દર્શન થાય. આનું નામ આતમભાવના. અને જો બે ઘડી આત્મસ્વરૂપમાં આવી સ્થિરતા થઈ જાય તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. આનું નામ જ આતમ ભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે .

# ભેદજ્ઞાન ભાવના

સારરૂપ: "હું પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું. હું સર્વથા સર્વથી ભિન્ન છું"

(વિસ્તારપૂર્વક - ચિંતન-મનન હેતુ)

**– પોતાના માની લીધેલા આ દેહથી હું અત્યંત ભિન્ન છું. આ દેહ જડ છે, હું ચેતન છું. દેહ પુદ્ગલ પરમાણુનો પીંડ છે, હું જ્ઞાનશરીરી છું. દેહ અજીવ છે, હું જીવ છું. દેહ અશુચિ થી ભરેલો છે, હું નિર્મળ, પવિત્ર આત્મા છું. દેહની હૈયાતી માં કે દેહની રોગી–નીરોગી, અનુકુળ–પ્રતિકુળ એવી બદલાતી અવસ્થામાં મારૂં સુખ નથી કે દુ:ખ નથી, ત્યાં મારી સત્તા નથી કે સ્વામીપણું નથી. પ્રત્યેક સમયે હું દેહથી ભિન્ન એવો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.**

**– પોતાના માની લીધેલા આ નામ (...........) થી હું અત્યંત ભિન્ન છું. નામ એ તો એક શબ્દમાત્ર છે અને આ લૌકિક વ્યવહાર માટે ઓળખ પુરતું છે. આ નામ કે એની સાથે જોડાયેલ નામના મારા સુખદુ:ખ નું કારણ નથી. નામથી અત્યંત ભિન્ન એવો હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.**

**– મને પ્રાપ્ત મનોયોગ અને વચનયોગ અને એના નિમિત્તે ઉત્પન્ન થતા શબ્દ, વચન, વિચાર થી હું આત્મા ભિન્ન છું. એ જડ છે, હું ચેતન છું. એ પુદગલ–પરમાણું નુ પરિણમન છે. ત્યારે પણ હું તો જ્ઞાનસ્વરૂપે જ પરિણમુ છું. શબ્દો અને વિચારો નો પ્રવાહ ક્રમબધ્ધ એની તત્ સમયની યોગ્યતા પ્રમાણે થઈ રહ્યો છે. તેમાં મારૂં સુખ નથી કે દુ:ખ નથી. તે જ સમયે હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.**

**– પોતાના માની લીધેલા લૌકિક સગાસંબંધીઓ થી હું અત્યંત ભિન્ન છું. પતિ પત્નિ, પુત્ર–પુત્રવધુ, પૌત્ર–પૌત્રી, પુત્રી– જમાઈ, ભાઈ–બહેન વિગેરે નામભેદ થી જે જીવો સાથે લૌકિક સંબંધ થયો છે તે બધા જ જીવો પોતપોતાની યોગ્યતા પ્રમાણે અહિં ઉપસ્થિત છે. એ બધા જીવોએ પોતપોતાની યોગ્યતા પ્રમાણે પ્રાપ્ત કરેલ દેહની હૈયાતી,**

એમના દેહની રોગી-નીરોગી અવસ્થા, અને એ જીવોના શુભ-અશુભ, રાગદ્વેષ રૂપ પરિણામોમાં મારૂં સુખ નથી કે દુ:ખ નથી. ત્યાં મારી સત્તા નથી કે કર્તાપણું નથી. એ બધા જ જીવોથી અત્યંત ભિન્ન એવો હું, પ્રત્યેક સમયે, સ્વતંત્ર-સ્વાધિન, શુધ્ધ જીવ-દ્રવ્ય છું.

- વારેઘડીયે સાંભળવા મળતા વિવિધ શબ્દો, અવાજ, કોલાહલ થી હું અત્યંત ભિન્ન છું. અનુકુળ-પ્રતિકુળ, પ્રશંસા-નિંદા, કર્કશ-કર્ણપ્રિય એવા માની લીધેલા શબ્દો અને અવાજો માં મારૂં સુખ નથી કે દુ:ખ નથી, ત્યાં મારૂં સ્વામીપણું નથી કે કર્તાપણું નથી. એ બધા થી હું અત્યંત ભિન્ન એવો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.

- પોતાના માની લીધેલા સાધનો, સામગ્રી અને સંયોગોથી હું અત્યંત ભિન્ન છું. ઘર-મકાન, ધન-વૈભવ, જર-જવેરાત એ બધા પુદ્ગલ પરમાણુનાં પીંડ છે. જડ ધૂળ-માટી સમાન છે. એ મારા સુખદુ:ખના કારણ નથી. જગત નો એકપણ પરમાણુ મારો નથી. સમગ્ર પુદ્ગલ ના વિસ્તાર થી ભિન્ન એવો હું પ્રત્યેક સમયે અનંત ગુણ-શક્તિ નો પીંડ શુધ્ધ આત્મા જ છું.

- મારી વર્તમાન અવસ્થામાં થઈ રહેલા મોહ-રાગ-દ્વેષ રૂપી વિભાવો થી હું ભિન્ન છું. શુભ-અશુભ ભાવો ક્રમબધ્ધ પોતાની યોગ્યતાથી સહજ થઈ રહ્યા છે. એ વિભાવો ક્ષણિક છે, દુ:ખરૂપ છે, કરવા જેવા નથી અને એ મારા સ્વભાવમાં નથી. હું એ વિભાવનો કર્તા નથી. એ વિભાવ ના સમયે પણ હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.

- મારી અજ્ઞાન અવસ્થામાં સંચિત કરેલા જ્ઞાનાવરણિય આદિ ઘાતિ-અઘાતિ દ્રવ્યકર્મો પણ પુદગલ પરમાણુ છે, જડ છે. માત્ર નિમિત્તરૂપ છે. એ દ્રવ્યકર્મો મારી ભાવદશાના કે સુખદુ:ખ ના કર્તા નથી. એ દ્રવ્યકર્મો થી અને એના ઉદયથી ભિન્ન હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ છું.

– હું ગુણ–ગુણીના ભેદ, નિમિત્ત, એક સમયની પર્યાય અને સર્વ પ્રકારના વિકલ્પ, વ્યવહાર, ભંગ–ભેદથી ભિન્ન એવો એક અખંડ, અભેદ, એકરૂપ જ્ઞાયકભાવ છું.

જગત ના સમગ્ર જીવ–અજીવ પદાર્થો, પ્રત્યેક સમયે, પોતપોતાની યોગ્યતા પ્રમાણે, ક્રમબધ્ધ પરિણામી રહ્યા છે. જગત ની આ વ્યવસ્થા સ્વયંસંચાલિત, ન્યાયી અને ભલી છે. કોઈ પણ પરપદાર્થની હૈયાતી કે પરિણમન મારે માટે ઈષ્ટ કે અનિષ્ટ નથી. પ્રત્યેક સમયે, હું તો સર્વ પદાર્થો થી ભિન્ન સ્વતંત્ર, સ્વાધિન, નિરપેક્ષ, પરિપૂર્ણ, શુધ્ધ જીવદ્રવ્ય છું. હું એક શુધ્ધ જ્ઞાયકભાવ છું.

**સારરૂપ**

હું પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું. હું સર્વથા સર્વથી ભિન્ન છું

દરેક પરિસ્થિતિમાં, અનુકુળ હોય કે પ્રતિકુળ, કોઈ બીજાને એ પરિસ્થિતિના કારણભુત ન માનીને, આ મારા પોતાના જ ભુતકાળના કોઈ પરિણામનું ફળ છે એમ સ્વીકારીને, એ પરિસ્થિતિથી ભેદજ્ઞાન કરીને, પોતાના વર્તમાન પરિણામ સમભાવે રાખવા એ જ મારૂં કર્તવ્ય છે.

# પરમ શાંતિ દાતારી આત્મ-ભાવના

માન-અપમાન સંબંધી રાગ-દ્વેષ થવાનો પ્રસંગ આવતાં, તે જ ક્ષણે બહારથી ચિત્તને પાછું વાળીને અંતરમાં સ્વ-સ્થ આત્માને (શુધ્ધ આત્માને) ભાવવો. શુધ્ધાત્માની ભાવનાથી ક્ષણમાત્રમાં રાગ-દ્વેષ શાંત થઈ જાય છે.

પહેલાં તો રાગાદિથી રહિત ને પરથી રહિત, શુધ્ધ જ્ઞાન આનંદ-સ્વરૂપ આત્માની ઓળખાણ કરવી જોઈએ. પછી વિશેષ સમાધિની આ વાત છે.

શુધ્ધાત્માની ભાવના સિવાય રાગ-દ્વેષ ટાળવાનો ને સમાધિ થવાનો બીજો કોઈ ઉપાય નથી. અંતર્મુખ થઈને ચૈતન્યને સ્પર્શતાં જ રાગાદિ અલોપ (ગાયબ) થઈ જાય છે. ...ને ઉપશાંત રસની ધારા વહે છે. આનું નામ વીતરાગ સમાધિ છે.

રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભની ઉત્પત્તિનું મૂળ કારણ અજ્ઞાન છે. જ્યાં મૂળમાં અજ્ઞાન પડયું છે ત્યાં રાગ-દ્વેષાદિ વિભાવનું ઝાડ ફાલ્યા વિના રહેશે નહિં.

ભેદવિજ્ઞાન વડે દેહ અને આત્માને ભિન્ન-ભિન્ન જાણીને આત્માની ભાવના કરવી, તે જ રાગ-દ્વેષાદિ વિભાવોના નાશનો ઉપાય છે.

સમકિતીને રાગ-દ્વેષ કાળે પણ તેનાથી ભિન્ન ચૈતન્યનું ભેદજ્ઞાન તો સાથે જ વર્તી રહયું છે. તે ભેદજ્ઞાન ઉપરાંત અસ્થિરતાના રાગ-દ્વેષ ટાળવા માટે જ્ઞાની ચૈતન્ય સ્વભાવનું ચિંતન કરે છે.

અરે! પહેલાં અંદરમાં આત્માની ખટક જાગવી જોઈએ કે મારા આત્માને કઈ રીતે શાંતિ થાય ? મારા આત્માને કોણ શરણરૂપ છે ? સંતો કહે છે કે આ દેહ કે રાગ કોઈ તારું શરણ નથી. પ્રભો! અંદર એક સમયમાં જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ભરેલો તારો આત્મા જ તને શરણ છે, તેને ઓળખ, ભાઈ!

આ દેહ અને પ્રતિકૂળ સંયોગો એ બધા થી પાર ચૈતન્ય-સ્વરૂપી આત્મા છે... એની ભાવના વિના જગતમાં બીજું કોઈ જીવને સહાયક નથી, કોઈ શરણરૂપ નથી. માટે ભાઈ! એકવાર દેહ અને સંયોગોને ભૂલી જા અને અંદર જે ચૈતન્યતત્ત્વ આનંદસ્વરૂપ છે તેની સન્મુખ જો. પૂર્વે આત્માની દરકાર કરી નહીં અને પાપ કરતાં પાછું વળીને જોયું પણ નહીં. આજે પ્રતિકુળ સંયોગ જે તને પ્રાપ્ત છે તે તારા જ કરેલા પરિણામનું ફળ છે માટે તે સંયોગ તો ફરશે નહીં... તું પોતાનું લક્ષ બદલી નાંખ. આત્મા સંયોગથી જુદો ત્રિકાળ અસંયોગી છે તેનું લક્ષ કર. તેની જ ભાવના કર એમ કહે છે.

સંયોગમાં તારું દુ:ખ નથી. તારા આનંદને ભૂલીને તેં જ મોહ થી દુ:ખ ઉભું કર્યું છે. માટે એકવાર સંયોગને અને આત્માને ભિન્ન જાણીને, સંયોગની ભાવના છોડ ને ચૈતન્યની ભાવના કર!

હું તો જ્ઞાનમૂર્તિ-આનંદ મૂર્તિ છું. આ સંયોગ અને આ દુ:ખ બંનેથી મારો આત્મસ્વભાવ જુદો જ્ઞાન-આનંદની મૂર્તિ છે. આવા આત્માનો નિર્ણય કરીને, તેની ભાવના કરવી, તે જ દુ:ખના નાશનો ઉપાય છે.

ચૈતન્યની ભાવનામાં દુ:ખ કદી પ્રવેશી શકતું નથી... ત્યાં ચૈતન્ય સ્વરૂપ આત્માની ભાવનામાં આનંદનુ વેદન છે, તેમાં દુ:ખનો પ્રવેશ નથી. એવા ચૈતન્યમાં એકાગ્ર થઈને નિવાસ કરવો તે જ દુ:ખથી છુટકારાનો ઉપાય છે.

કષાયોથી સંતપ્ત આત્માને પોતાના શુધ્ધ સ્વરૂપનું ચિંતન જ તેનાથી છૂટવાનો ઉપાય છે. માટે જિનેન્દ્રબુધ્ધિ શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે હે અંતરાત્મા! રાગ-દ્વેષાદિ વિભાવોની ઉત્પત્તિ અટકાવવા માટે સ્વ-સ્થ થઈને તારા શુધ્ધાઆત્માની ભાવના કર, તેના ચિંતનથી તારા વિભાવો ક્ષણમાત્રમાં શાંત થઈ જશે.

અજ્ઞાની જીવોને સમ્યગદર્શન પ્રગટ કરવા માટે પણ ચૈતન્યની ભાવના કરવી, એ જ ઉપાય છે.

જેમ ધોમ તડકાથી સંતપ્ત પ્રાણીઓ વૃક્ષની શીતળ છાયાનો આશ્રય લે છે, તેમ આ સંસારના ઘોર સંતાપથી સંતપ્ત જીવો ને ચિદાનંદ સ્વભાવની શીતલ છાયા જ શરણરૂપ છે. તેના આશ્રયે જ શાંતિ થાય છે.

(આત્મ જાગૃતિ – જુલાઈ–૨૦૧૦)

● ● ●

| |
|---|
| વિભાવ પરિણામ વખતે જ મારામાં નિર્મળતા ભરેલી છે. મારી દ્રષ્ટિ ચૈતન્યની નિર્મળતા ને ન જોતાં, વિભાવમાં તન્મય થઈ જાય છે. એ તન્મયતા મારે છોડવાની છે. |

# જ્ઞાનગોષ્ઠી-૧૪૫

પ્રશ્ન :– અનાદિના અજ્ઞાની જીવને, સમ્યગદર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને ?

ઉત્તર :– ના; એકલો વિકલ્પ નથી, સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું... રાગ તરફ જોર તૂટવા માંડ્યું, ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું. ત્યા (સવિકલ્પદશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરૂષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.

# પૂ. ગુરૂદેવ ની વૈરાગ્યવાણી

પૂ. ગુરૂદેવ શ્રી. હિરાચંદ માસ્તરને બીમારી વખતે શાંતવન આપતાં તેના કેટલાક મનનીય અંશ :-

"જ્ઞાનનું અચિંત્ય મહાત્મ્ય છે. અનંત આકાશને અને અનંતકાળને જ્ઞાન ગળી જાય. આવા આવા અનંત ગુણની તાકાતવાળું દ્રવ્ય અંદર પડયું છે.

એના વિચારોમાં રહેવું. આ શરીરનું માળખું તો હવે રજા માગે છે. ચૈતન્ય તો નક્કર પિંડ છે. શરીર તો ખોખું છે.

રાગ તો અધ્ધરનો ક્ષણિકભાવ છે. એના મુળીયા કાંઈ ઉંડા નથી. પોતાના સામર્થ્ય ના વિચારોમાં રહેવું. દેહની સ્થિતિનું તો આવું છે - માટે તૈયારી કરી જાગૃત રહેવું.

'હું જ્ઞાન છું' એવી શ્રધ્ધાથી જ્ઞાની વજપાત થાય તો પણ ડગતા નથી. અહિં તો શું પ્રતિકુળતા છે ?

કોઈ ને જીર્ણ શરીર હોય છતાં લાંબો કાળ ટકે. કોઈને સારૂં શરીર હોય છતાં ક્ષણમાં ફુ થઈ જાય. આ દેહના શા ભરોસા ?

હવે તો આત્માનું કરવાનું છે. ચૈતન્ય સ્વભાવ સામે નજર કરીને શરણ કરવું. શરીરના રજકણો ફરવા માંડયા ત્યાં સગાંવહાલાં તો પાસે ઉભા જોતા રહે... બીજું શું કરે ?

શુધ્ધ-બુધ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ

બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

એનું લક્ષ રાખવું, ને એના જ વિચારે ચડી જવું. અંદર મોટો ચૈતન્ય ભગવાન બેઠો છે. તેનું જ લક્ષ, વિચાર, મનન કરવા. બહારમાં લક્ષ જાય તો તરત અંદર ખેંચી લેવું.

# निर्ग्रंथ भावना

निर्ग्रन्थता की भावना अब हो सफल मेरी ।
बीते अहो आराधना में हर घड़ी मेरी ।। टेक....... ।।

करके विराधन तत्व का, बहु दुःख उठाया ।
आराधना का यह समय, अतिपुण्य से पाया ।।
मिथ्या प्रपंचों में उलझ अब, क्यों करूँ देरी ? निर्ग्रन्थता... ।।

जब से लिया चैतन्य के, आनन्द का आस्वाद ।
रमणीक भोग भी लगें, मुझको सभी निःस्वाद ।।
ध्रुवधाम की ही ओर दौड़े, परिणति मेरी ।। निर्ग्रन्थता... ।।

पर में नहीं कर्त्तव्य मुझको, भासता कुछ भी ।
अधिकार भी दीखे नही, जग में अरे कुछ भी ।।
निज अंतरंग में ही दिखे, प्रभुता मुझे मेरी ।। निर्ग्रन्थता... ।।

क्षण-क्षण कषायों के प्रसंग, ही बनें जहाँ ।
मोही जनों के संग में, सुख शान्ति हो कहाँ ।।
जग-संगति से तो बढ़े, दुखमय भ्रमण फेरी ।। निर्ग्रन्थता... ।।

अब तो रहूँ निर्जन वनों में, गुरूजनों के संग ।
शुद्धात्मा के ध्यानमय हो, परिणति असंग ।।
निजभाव में ही लीन हो, मेटूँ जगत-फेरी ।। निर्ग्रन्थता... ।।

कोई अपेक्षा हो नहीं, निर्द्वन्द्व हो जीवन ।
संतुष्ट निज में ही रहूँ, नित आप सम भगवन् ।।
हो आप सम निर्मुक्त, मंगलमय दशा मेरी ।। निर्ग्रन्थता... ।।

अब तो सहा जाता नहीं, बोझा परिग्रह का ।
विग्रह का मूल लगता है, विकल्प विग्रह का ।।
स्वाधीन स्वाभाविक सहज हो, परिणति मेरी ।। निर्ग्रन्थता... ।

(अध्यात्म पूजाञ्जलि)

# અંત સમયની ભાવના

પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી;
ના રહે મુજને કોઈ બંધન, માયા તણું છેલ્લી ઘડી. ૧

મરણ પથારી પાસ સ્વજનો, ને સંબંધી હો ભલે;
જોયા કરે આ દેહને, પણ ચિત્ત મારું નવ ચલે. ૨

મારી નજર મીઠી ફરે, માગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને, નાની મોટી મુજ ભૂલની. ૩

સહેવાય ના મારા થકી, એવી પીડા કદિ ઉપડે;
તો દોડીને હાજર થજે તું, તેજ સ્વરૂપી મુખડે. ૪

છેલ્લી કસોટી આકરી, પ્રભુ મુંઝવે સહુને ઘણી;
કૃપા કરીને તારજે, મને ભક્ત જન તારો ગણી. ૫

દઈ દાન ભકિતનું તેં કહ્યું, રહેજે હવે નિર્ભય બની;
આપ્યું વચન છે તેં મને, તો પાળજે પ્રભુ હેતથી. ૬

દિવસ ત્રણ બાકી રહે, ભગવાન ત્યારે આપજે;
દેહ ત્યાગના સમયનું ને, દિનનું તું જ્ઞાન મને. ૭

જેથી મંગળ હેતુએ હું, લીન થઈને કરી શકું;
ચિંતન રૂડું ને ધ્યાન ઊંડું, દિવ્ય જ્યોતિ સ્વરૂપનું. ૮

શરીર બહુ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
વેળા એવી તું આપજે, ના હોય અગવડ કોઈને. ૯

પ્રભુ આટલું મને આપજે તું, આયુની છેલ્લી પળે;
શાંતિ સમતા સ્થિરતા, મને આવીને સહેજે મળે. ૧૦

(જ્ઞાનાંજન પુસ્તકમાંથી)

# પ્રાયશ્ચિત-ભાવના

હું પંચપરમેષ્ઠિ ભગવંતોની સાક્ષીએ મારા સર્વ પાપોની આલોચના કરૂં છું. મિથ્યાત્ત્વ, હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ-રાગ-દ્વેષ, હાસ્ય,રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રિવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ ઇત્યાદિ જે કોઈ પાપ મારા જીવે આ ભવમાં કે આનાથી પહેલાના અનંતભવોમાં અજ્ઞાનવશ, જાણતાં, અજાણતાં, સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદના કરી હોય, તે સર્વ પાપ મને-વચને-કાયાએ કરી મિથ્યા થાઓ. મારા સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ. હું સર્વ જીવસમુહને ખમાવું છું. સર્વે જીવો મને ક્ષમા કરો.

ખરેખર તો પર ને હું મારી શકું, જીવાડી શકું, સુખી કરી શકું, દુઃખી કરી શકું એવું વસ્તુસ્વરૂપ જ નથી પણ મારો પોતાનો પ્રમાદભાવ જ દુષ્કૃત્ય છે જે મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને વિષે અભ્યાસ, આરાધના કરતાં, પંચપરમેષ્ઠિ ભગવંતો અને જિનવાણીમાતા ના દર્શન, પુજા, ભક્તિ ઇત્યાદિ ધર્મકાર્યમાં, જે કોઈ દોષ લાગ્યા હોય, જે કોઈ અવિવેક, અનાદર થયો તે સર્વ દુષ્કૃત્યોની ક્ષમા માગું છું. મારા એ સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

હે જિનેન્દ્ર દેવ! આપની આજ્ઞા વિરુધ્ધ જે કંઈ દ્રવ્ય-ભાવ થી પ્રવૃત્તિ કરી હોય તે સર્વ બદલ અત્યંત નિર્મળ અને પ્રમાણિક ભાવે ક્ષમા માગું છું.

> જેને જેની રૂચી હોય તેની વારંવાર ભાવના ભાવે છે. અને ભાવના ને અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું ભવન. શુધ્ધ સ્વભાવની વારંવાર ભાવના કરવાથી તેવું ભવન, એટલે પરિણમન, થઈ જાય છે. માટે જ્યાં સુધી નિજ આત્માના યથાર્થ જ્ઞાન, શ્રધ્ધા અને અનુભવ ન થાય ત્યાં સુધી સત્સમાગમે, વારંવાર, પ્રીતિપૂર્વક તેનું શ્રવણ, મનન, ભાવના કર્યા જ કરવી. એ ભાવનાથી ભવ નો નાશ થાય છે.

# समाधि भावना

दिन रात मेरे स्वामी, मैं भावना ये भाऊँ।
देहान्त के समय में, तुमको न भुल जाऊँ ।।

शत्रु अगर कोई हो, संतुष्ट उनको कर दूँ।
समता का भाव धरकर, सबसे क्षमा कराऊँ ।।

त्यागुँ आहार पानी, औषध विचार अवसर।
टूटे नियम ना कोई, दृढता हृदय में लाऊँ ।।

जागे नहीं कषायें, नही वेदना सतावे।
तुम से ही लौ लगी हो, दुर्ध्यान को भगाऊँ ।।

आतम स्वरुप अथवा, आराधना विचारुँ ।
अरहंत सिद्ध साधु, रटना यही लगाऊँ ।।

धर्मात्मा निकट हो, चरचा धरम सुनावे ।
वो सावधान रक्खें, गाफिल न होने पाऊँ ।।

जीने की हो न वांछा, मरने की हो न ख्वाइश ।
परिवार मित्रजन से, मैं मोह को हटाऊँ ।।

भोगे जो भोग पहेले, उनका न होवे सुमरन ।
मैं राज्य सम्पदा या, पद इन्द्र का न चाहूँ ।।

रत्नत्रय का हो पालन, हो अन्त में समाधि ।
'शिवराम' प्रार्थना यह, जीवन सफल बनाऊँ ।।

# ક્ષમાપના

✶ હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો.

✶ મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહિં.

✶ તમારાં કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહિં.

✶ તમારાં પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહિં.

✶ તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહિં.

✶ હે ભગવાન ! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડયો છું.

✶ હું પાપી છું, હું બહુ મદોન્મત અને કર્મરજથી કરીને મલિન છું.

✶ હે પરમાત્મા ! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. મારામાં વિવેક શકિત નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

✶ નિરાગી પરમાત્મા ! હું હવે તમારૂં, તમારા ધર્મનું અને તમારા મુનિનૂં શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે.

✶ આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું.

✶ જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

✶ તમે નિરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.

✶ હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

✶ એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !

✶ હે સર્વજ્ઞ ભગવાન ! હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મ જન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

# આત્મભક્તિ
## (ભેદજ્ઞાન અને દ્રવ્યદ્રષ્ટિ)

૧) હું છું, આત્મા, પરમાત્મા,
હું તો આનંદનો, આનંદનો ધામ છું.
હું છું આત્મા, પરમાત્મા,
હું તો આનંદનો, આનંદનો ધામ છું.

૨) આ દેહ તે હું નથી,
હું તે આ દેહ નથી,
હું તો શુધ્ધ, બુધ્ધ, ચૈતન્ય પરમાત્મા,
હું છું આત્મા, પરમાત્મા,
હું તો આનંદનો, આનંદનો ધામ છું.

૩) આ જડ દેહ તે મારૂં ખરૂં સ્વરૂપ નથી,
રસ,રંગ, ગંધ, સ્પર્શ – કોઈ મારા ગુણ નથી,
હું તો જ્ઞાનાનંદ, સુખનો ભંડાર પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૪) સુખ દુ:ખ નથી, આ દેહમાં, સત્તા નથી,
મને લેશ પણ આ દેહમાં મમતા નથી,
હું તો દેહથી ન્યારો ને નીરાળો પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૫) મને જન્મ નથી, જરા–મરણ નથી,
આધિ–વ્યાધિ નથી, કોઈ ઉપાધી નથી,
હું તો અશરીરી, અજન્મો પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૬) નથી કોઈ વેરી મારૂં, નથી સગુંવહાલું,
નથી કોઈ સારૂં મને, નથી કોઈ નરસું,
હું તો સ્વભાવે જ સમભાવી પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૭) નથી આ સંપત્તિ મારી, નથી આ નામના,

નથી આ સામગ્રી મારી, નથી કોઈ મને કામના,
હું તો સ્વભાવે જ અપરિગ્રહી પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૮) નથી આ કર્મો મારા, નથી આ કષાયો,
નથી આ વિભાવો મારા, નથી આ વિષયો,
હું તો સ્વભાવે જ અકષાયી પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૯) પાપ મારૂં કર્મ નથી, પુન્ય મારૂં ધર્મ નથી,
કરૂં કરૂં નો બોજ નથી, રાગમાં સુખની શોધ નથી,
હું તો સ્વભાવે જ વીતરાગી પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૧૦) પરમાં મારૂં કામ નથી, મુજમાં પરની આણ નથી,
જાણતો કેવળ મુજને, પરની મુજને જાણ નથી,
હું તો પરથી પરાયો ને નીરાળો પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૧૧) નથી આ ભાષા મારી, નથી આ શબ્દો,
નથી આ વચનો મારા, નથી આ વિકલ્પો,
હું તો નિ:શબ્દ ને નિર્વિકલ્પ પરમાત્મા,
હું છું...... હું તો આનંદ નો.......

૧૨) હું છું, આત્મા, પરમાત્મા,
હું તો આનંદનો, આનંદનો, ધામ છું.
હું છું આત્મા, પરમાત્મા,
હું તો આનંદનો, આનંદનો ધામ છું....
હું તો આનંદનો, આનંદનો ધામ છું....
હું તો આનંદનો, આનંદનો ધામ છું....

# આ માર્ગે મને પ્રમાદરહિત ધિરજ હોજો

દેવ-ગુરૂ ને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય; કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય. ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણા વર્ષથી ભાવના ભાવું છું છતાં ફળ કેમ દેખાતું નથી? -એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે, ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે.વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે તથા તેમાં સંદેહ થઈ જાય છે. તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે. માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ.

- પૂ. ગુરૂદેવશ્રી - દ્રષ્ટિના નિધાન-બોલ નં. ૧૪૫

"ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ થાય જ. ભલે થોડો વખત લાગે પણ ભાવના સફળ થાય જ."

પૂ. બહેનશ્રી

આત્મચિંતનમાં ક્યાંય ગુણભેદની કે રાગની મુખ્યતા નથી, વિકલ્પનું જોર નથી, પણ જ્ઞાનમાં પરમ જ્ઞાયક-સ્વભાવના કોઈ અચિંત્ય મહિમાનું જોર છે, અને તેના જ જોરે નિર્વિકલ્પ થઈને મુમુક્ષુજીવ આત્માને સાક્ષાત્ સ્વાનુભવમાં લઈ લે છે; ત્યાં કોઈ વિકલ્પ રહેતા નથી. આ રીતે ભેદ-વિકલ્પ વચ્ચે આવતા હોવા છતાં સ્વભાવના મહિમાના જોરે મુમુક્ષુજીવ તેને ઓળંગી જઈને સ્વાનુભૂતિમાં પહોંચી જાય છે.

- પૂ. ગુરૂદેવ શ્રી ના વચનામૃત-૨૭૯

# પંચશીલ

૧) આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે ઉપયોગ સ્વરૂપ જ રહીને પરભાવ સ્વરૂપ ન થાય....તેજ ધર્મ છે.

૨) ઉપયોગસ્વરૂપ આત્મા, સ્વતત્ત્વથી જુદા કોઈ પણ અન્ય જડ કે ચેતનનો કયારેય પણ કાર્ય કરી શકતો નથી.

૩) ઉપયોગસ્વરૂપ આત્મા, પોતાની શુદ્ધતાને ભૂલીને પુણ્ય કે પાપરૂપ પોતાને માનીને, એ પરભાવોનો કર્તા થાય છે એ અજ્ઞાન છે, અધર્મ છે.

૪) જ્ઞાની પોતાને પરથી ભિન્ન, પુણ્ય-પાપથી ભિન્ન માનીને નિત્ય ઉપયોગ સ્વરૂપ અનુભવ કરે છે, પરંતુ તે પરદ્રવ્ય કે પરભાવનો કર્તા થતો નથી અને તે પરભાવરૂપ પણ થતો નથી. અજ્ઞાની પોતાને પરદ્રવ્ય અને પરભાવોનો કર્તા માની તેમાં જ મગ્ન રહે છે.

૫) આવું જાણીને હે જીવ! તું અજ્ઞાન-અધર્મથી છુટવા માટે પરદ્રવ્ય પરભાવોને પોતાના ઉપયોગ સ્વરૂપ ચૈતન્યથી જુદા જાણીને પરનું કર્તૃત્વ છોડ અને ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય આત્માને ઓળખીને તેનો નિર્ણય કરી તેમાં જ તન્મય થા! એકાગ્ર થા ! તને અતિન્દ્રિય સુખની પ્રાપ્તિ થશે.

# હું

## (રાગ-મંદીર છો મુક્તિતણા...)

૧) હું પૂર્ણ છું, હું જ્ઞાન છું, આનંદ નો અવતાર છું,
વીતરાગ છું, હું સિધ્ધ છું, હું સુખનો ભંડાર છું ...હું પૂર્ણ.....

૨) હું અનાદિ, હું અનંત, હું આત્મા ભગવાન છું,
હું જ દર્શન, ચારિત્ર, ને હું જ કેવળ જ્ઞાન છું ...હું પૂર્ણ.....

૩) અખંડ છું, ને અભેદ છું, સદા એકરૂપ પદાર્થ છું,
હું ઉપાદેય, હું ભુતાર્થ, ને હું જ એક પરમાર્થ છું ...હું પૂર્ણ.....

૪) હું જ ધ્યાતા, હું જ ધ્યેય, ને હું જ પોતે ધ્યાન છું,
હું જ જ્ઞાતા, હું જ જ્ઞેય, ને હું જ પોતે જ્ઞાન છું ...હું પૂર્ણ.....

૫) પરથી પરાયો, ને નિરાળો, દ્રવ્ય એક સ્વતંત્ર છું,
નિરપેક્ષ, ને નિરાવલંબ, હું દ્રવ્ય એક પરિપૂર્ણ છું ...હું પૂર્ણ.....

૬) હું અકર્તા, હું અભોક્તા, નિર્વિકલ્પ, જાણનાર છું,
જે જણાય તે હું જ છું, ને હું સમય નો સાર છું ...હું પૂર્ણ.....

કિશોર મામણિયા (ગોરેગામ, મુંબઈ)
Mob. 9969001626 Ph. 022-28750259